RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 26-08-2026 I VOL : 12 I Issue : 161 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

"જીતવા માટે પહેલું પગલું ભરો. મહેનત વગર કોઈ ચમત્કાર નથી."

3

ડુંગળીના ભાવમાં ફરી ભડકો: અમદાવાદમાં કિલો ₹60-70 સુધી પહોંચ્યો, આગામી

4

અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર આવું થશે! ટ્રમ્પ સરકાર

6

કૃતિની રક્ષાબંધન એડ પર બબાલ! લોકોએ પૂછ્યું આવી રીતે તહેવાર કોણ મનાવે છે?

7

ભારત હોકી વર્લ્ડકપની સેમિફાઇનલ રેસમાંથી બહાર

### કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનો ભાજપ પર પ્રહાર

# સરકારનું ચોર દરવાજેથી આરક્ષણ હટાવવાનું ષડયંત્ર

## સરકારી પદો ખાલી રાખવાથી તકો સમાપ્ત થાય છે, ભાજપની નીતિનો પર્દાફાશ થઈ ચૂક્યો છે


નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે સરકાર SC, ST, OBC અને EWS વર્ગોનું આરક્ષણ ખતમ કરવાનું ષડયંત્ર રચી રહી છે. ખડગેએ કહ્યું કે સરકારી પદો જાણી જોઈને ખાલી રાખવામાં આવી રહ્યા છે અને કોન્ટ્રાક્ટ પર કર્મચારીઓની ભરતી વધારવામાં આવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપની નીતિ બીઆર આંબેડકરે આપેલા બંધારણીય અધિકારો છીનવી લેવાની દિશામાં છે. હવે ભાજપની નીતિનો પર્દાફાશ થઈ ચૂક્યો છે. ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, મોદી સરકારે આરક્ષણ ખતમ કરવાની યોજના બનાવી છે. 2015માં કેન્દ્ર સરકારમાં 4.21 લાખ પદ ખાલી હતા. 2024 સુધીમાં આ સંખ્યા વધીને 8.24 લાખ થઈ ગઈ. તેમણે જણાવ્યું કે રેલવેમાં 2.40 લાખ, રક્ષા વિભાગમાં 2.41 લાખ અને ગૃહ મંત્રાલયમાં 1.10 લાખ પદ ખાલી છે. કોંગ્રેસ અધ્યક્ષે પીએસયુમાં કાયમી રોજગાર ઘટવા અને કોન્ટ્રાક્ટ પર ભરતી વધવાની વાત કહી. તેમણે કહ્યું કે પીએસયુમાં 5.1 લાખ કાયમી નોકરીઓ સમાપ્ત થઈ ગઈ છે. ખડગેના મતે, કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓની ભાગીદારી 19% થી વધીને 49% થઈ ગઈ છે. ખડગે બોલ્યા- મામલો સામાજિક ન્યાયનો છે ખડગેએ કહ્યું- સવાલ માત્ર રોજગારનો નથી, પરંતુ સામાજિક ન્યાયનો છે. સરકારી પદ ખાલી રાખશો તો અનામતની તક સમાપ્ત થઈ જશે. પીએસયુ વેચશો તો આરક્ષિત નોકરીઓ સમાપ્ત થઈ જશે. કાયમી નોકરીઓને કોન્ટ્રાક્ટમાં બદલશો તો અનામત સમાપ્ત થઈ જશે. ખડગેએ કહ્યું- અનામત સમાપ્ત કરવા માટે બંધારણમાં સુધારો જરૂરી નથી. અનામતવાળી નોકરીઓ સમાપ્ત કરવી જ પૂરતી છે. આ જ સામાજિક ન્યાયનો વિરોધ કરનારી ભાજપનો એજન્ડા છે. ઘણા શહેરોમાં ખાંડની કિંમત 70 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ખાંડની વધતી કિંમતો અને સ્ટોક પર સરકારને 3 સવાલ કર્યા હતા.



### એક નજર...

**રેડ ડીપનેક ડ્રેસમાં સોફિયા અંસારીએ આપ્યા કિલર પોઝ**



બોલ્ડનેસની વાત કરીએ તો સોફિયા અંસારી બોલિવૂડથી લઈને ટીવી સુધીની અભિનેત્રીઓને ટક્કર આપે છે. આ દરમિયાન સોફિયા અંસારીની કેટલીક તસવીરો સામે આવી છે જે ઈન્ટરનેટ પર આગની જેમ ફેલાઈ રહી છે. સોફિયા અંસારીએ હાલમાં જ એક ફોટોશૂટ કરાવ્યું છે, જેની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહી છે.

## પૂર્વ CDS અનિલ ચૌહાણે કહ્યું- યુદ્ધ અને રાજનીતિ અલગ નથી

નવી દિલ્હી

દેશના પૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે સેના, રાજકીય ઈચ્છાનું સીધું વિસ્તરણ છે. કોઈપણ દેશના રાજકીય હિતો સર્વોપરી હોય છે અને સેના તે હિતોનું રક્ષણ કરનારા અનેક માધ્યમોમાંથી એક છે. પૂર્વ CDSએ કહ્યું- "શરૂઆત એ વાતથી કરીએ કે રાજકારણ અને યુદ્ધ અલગ નથી. ક્લોઝવિટ્ઝે કહ્યું હતું કે યુદ્ધ અન્ય માધ્યમો દ્વારા રાજકારણને આગળ વધારવું છે." પૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે મંગળવારે નવી દિલ્હીમાં ઓપરેશન સિંદૂર અને ત્યારબાદની પરિસ્થિતિઓ પર ચર્ચા કરી. આ કાર્યક્રમ વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પૂર્વ CDSએ રાષ્ટ્રીય સુરક્ષા અને લોકતાંત્રિક શાસનના સંબંધો પર વાત કરી. જનરલ ચૌહાણે પ્રુશિયન જનરલ કાર્લ વોન ક્લોઝવિટ્ઝની પ્રખ્યાત વાતનો ઉલ્લેખ કર્યો કે યુદ્ધ એ અન્ય માધ્યમો દ્વારા રાજકારણને આગળ વધારવાનો એક માર્ગ છે.

### પટનામાં વિદ્યાર્થીઓનો હલ્લાબોલ! બેરિકેડ તૂટ્યા, પોલીસ સાથે ઝપાઝપી



યુનાઈટેડ ફોરમ ઑફ બૅંક યુનિયન્સ(UFBU) દ્વારા 5-દિવસીય બૅંકિંગ અને PLI સ્કીમમાં સુધારાની માંગ સાથે સપ્ટેમ્બરમાં બેંકોમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરાઈ છે. 11 સપ્ટેમ્બરે 1 દિવસ, ત્યારબાદ 28, 29, 30 સપ્ટેમ્બરે 3 દિવસ હડતાળ રહેશે. જો માંગણીઓ નહીં સંતોષાય તો 26 ઑક્ટોબરથી અનિશ્ચિતકાળની હડતાળ થશે, જે બૅંકિંગ સેવાઓને ગંભીર અસર કરશે. ગ્રાહકોને અગવડ ન પડે તે માટે કામ વહેલા પતાવવા વિનંતી.

## અયોધ્યામાં ચંપત રાય વિરુદ્ધ સંતોની બેઠકમાં બબાલ

અયોધ્યા

અયોધ્યામાં કારસેવકપુરમ પાસે મંગળવારે ઓમ આશ્રમમાં રામ મંદિર દાન ચોરી અને ચંપત રાય વિરુદ્ધ ચાલી રહેલી સંતોની બેઠકને પોલીસે રોકી દીધી. સંતોનો આરોપ છે કે બેઠકની વચ્ચે પોલીસ પહોંચી અને સંતોને આશ્રમમાંથી બહાર કાઢીને આશ્રમમાં તાળું મારી દીધું. તેનાથી ગુસ્સે થયેલા સંતોએ 'ચંદા ચોરો, અયોધ્યા છોડો' ના નારા લગાવ્યા. જોકે, પોલીસનું કહેવું છે કે રોકતા પહેલા જ સંતો પોતે આશ્રમમાંથી બહાર નીકળી ગયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. સંતોનું કહેવું છે- દાન ચોરીના નાના આરોપીઓ પર કાર્યવાહી કરવામાં આવી, જ્યારે મોટા આરોપીઓને બચાવવામાં આવી રહ્યા છે. જિલ્લા પ્રશાસન આરોપીઓનો સાથ આપી રહ્યું છે. તે નથી ઈચ્છતું કે આરોપીઓ પકડાય. તેથી સંતોની બેઠક થવા દેવામાં આવી રહી નથી. બેઠક પ્રકાશાનંદ ગિરિ ઉર્ફે કમ્પ્યુટર બાબાએ બોલાવી હતી.

### NEWS TRACK

**હોર્મુઝમાંથી પસાર થતાં જહાજોને અમેરિકાની ધમકી, ઈરાનને કોઈ પણ માહિતી આપશો તો કડક પ્રતિબંધો લાદીશું**

અમેરિકા અને ઈરાન વચ્ચે પર્શિયન ગલ્ફમાં આવેલા વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'(Strait of Hormuz)ને લઈને તણાવ વધુ ઘેરો બન્યો છે. યુએસ ટ્રેઝરી વિભાગના ઑફિસ ઑફ ફોરેન એસેટ્સ કંટ્રોલ(OFAC) દ્વારા વિશ્વભરના જહાજો અને શિપિંગ કંપનીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જો તેઓ હોર્મુઝ સ્ટ્રેટ સંબંધિત બાબતોમાં કોઈપણ ઈરાની સંગઠનો સાથે માહિતી શેર કરશે, તો તેમની સામે કડક અમેરિકી પ્રતિબંધો લાદવામાં આવશે. અમેરિકી તંત્ર અનુસાર, ઈરાની સંસ્થાઓ દ્વારા માંગવામાં આવેલી માહિતી આપવા બદલ જહાજો પર સેન્ક્શનનો મોટો ખતરો રહેશે, ભલે તેના બદલે કોઈ નાણાકીય લેવડ-દેવડ કે ચૂકવણી કરવામાં ન આવી હોય. વોશિંગ્ટને પોતાના આકરા વલણમાં ખાસ કરીને 3 ઈરાની સંસ્થાઓના નામ જાહેર કર્યા છે, જેમાં 'પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી', 'પર્શિયન ગલ્ફ મરીન ઈન્સ્યોરન્સ કંપની' અને 'હોર્મુઝસેફ મરીન સર્વિસિસ ઑથોરિટી'નો સમાવેશ થાય છે. અમેરિકાની આ આકરી ચેતવણી તેની 'ઈકોનોમિક ડી-ડે' ઝુંબેશનો એક ભાગ છે.

**ઓસ્ટ્રેલિયાએ ભારતને મોટો ઝટકો આપતા ખેડૂતો ચિંતામાં, પાકિસ્તાન ખુશખુશાલ**

ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટે બાસમતી ચોખા પર ભારતના એકહથ્થુ ટ્રેડમાર્ક અને સ્પેશિયલ સર્ટિફિકેશન મેળવવાના દાવાને ફગાવી દીધો છે. ભારતીય સંસ્થા 'એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી' (APEDA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી રદ થતાં ભારતીય ચોખા નિકાસકારોને મોટો ઝટકો લાગ્યો છે. બીજી તરફ, આ નિર્ણયથી પાકિસ્તાન ભારે ખુશ થયું છે. ભારત સરકારની એજન્સી APEDA એ ઓસ્ટ્રેલિયામાં 'બાસમતી' શબ્દને સર્ટિફિકેશન ટ્રેડમાર્ક તરીકે નોંધવા માટે અરજી કરી હતી, જેથી ઓસ્ટ્રેલિયન માર્કેટમાં માત્ર ભારતીય બાસમતી ચોખાને જ આ નામ હેઠળ ઓળખ મળે. જોકે, ઓસ્ટ્રેલિયાના ટ્રેડમાર્ક રજિસ્ટ્રાર અને ત્યારબાદ ફેડરલ કોર્ટે નોંધ્યું હતું કે બાસમતી ચોખા માત્ર ભારતમાં જ નહીં પરંતુ પાકિસ્તાનમાં પણ ઉત્પાદિત થાય છે. આથી, આ ટ્રેડમાર્ક માત્ર ભારતને જ આપવાથી અન્ય વેપારીઓના અધિકારો છીનવાઈ શકે છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે ભારતીય નિકાસકારોએ ઓસ્ટ્રેલિયાના બજારમાં પાકિસ્તાની ચોખા સાથે સીધી સ્પર્ધા કરવી પડશે.

# લાઠી ચાર્જ અને પેલેટ ગન મુદ્દે સંસદીય બેઠકમાં ભારે હોબાળો

### ભાજપ સાંસદે ચર્ચાનો ઈન્કાર કરતા વિપક્ષ લાલઘૂમ

નવી દિલ્હી

સંસદની ગૃહ બાબતોની સમિતિની બેઠકમાં મંગળવારે ભારે હોબાળો જોવા મળ્યો હતો. વિપક્ષી સભ્યોએ બેઠકમાં પેલેટ ગનનો ઉપયોગ અને જંતર-મંતર ખાતે દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ અંગે ચર્ચા કરવાની માંગ કરી હતી. જોકે, સૂત્રોના જણાવ્યા મુજબ કમિટીના અધ્યક્ષ અને ભાજપના સાંસદ રાધામોહન દાસે આ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો ઈનકાર કરી દીધો હતો. રાહુલ ગાંધીના ધરણાં બાદ પોલીસે નોંધી FIR દિલ્હીમાં વિદ્યાર્થી આંદોલન દરમિયાન પેલેટ ગનથી ઘવાયેલા સાહિલ ના કિસ્સામાં એફઆઈઆર નોંધવાની માંગ સાથે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી એ દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન બહાર ધરણાં કર્યા હતા. તેઓ 5 કલાક સુધી ધરણાં પર બેઠા બાદ પોલીસે આખરે અજાણ્યા શખ્સો સામે કેસ દાખલ કર્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે સાહિલના શરીરમાં 200 થી વધુ છરા અને આંખમાં 3 છરા વાગ્યા છે. તેમણે જણાવ્યું કે, 'તપાસ ચાલુ રહેશે, પરંતુ સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે ખીલી લગાવેલી લાકડીઓ વાપરવાનો આદેશ કોણે આપ્યો હતો? શું આ કાર્યવાહીનો આદેશ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આપવામાં આવ્યો હતો કે અન્ય કોઈએ આપ્યો હતો? જો ગૃહમંત્રીએ આ આદેશ આપ્યો હોય, તો વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાની જવાબદારી પણ નક્કી થવી જોઈએ.' સુપ્રીમ કોર્ટે રચી 5 સભ્યોની એક્સપર્ટ કમિટી જંતર-મંતર તેમજ દેશના અન્ય ભાગોમાં થયેલી હિંસા અને પોલીસ તેમજ સુરક્ષા દળોની કાર્યવાહીની તપાસ માટે સુપ્રીમ કોર્ટે 5 સભ્યોની હાઈ પાવર એક્સપર્ટ કમિટીની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ આર. સુભાષ રેડ્ડી ને આ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

## મંદિરમાં જ ભાજપ નેતાની દીકરીએ પોલીસકર્મીને લાફો ઝીંકી દીધો

### કર્ણાટકના તુમકુરુ ભાજપ ધારાસભ્ય બી. સુરેશ ગૌડાની પુત્રી ઐશ્વર્યાએ શ્રીરંગપટનાના મંદિરમાં મહિલા PSI સવિતા બી. પાટીલને તમાચો માર્યો

તુમકુરુ

કર્ણાટકના તુમકુરુ ગ્રામીણ ક્ષેત્રના ભાજપ ધારાસભ્ય બી. સુરેશ ગૌડાની પુત્રી ઐશ્વર્યાનો એક હાઈપ્રોફાઈલ વિવાદ સામે આવ્યો છે. શ્રીરંગપટના સ્થિત આરતી ઉક્કડ મંદિરમાં ભીમા અમાવસ્યાના ઉત્સવ દરમિયાન દર્શન કરવા પહોંચેલી ઐશ્વર્યાએ ફરજ પર તૈનાત મહિલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર સવિતા બી. પાટીલ સાથે ગેરવર્તણૂક કરી હતી. લાઈન વિના સીધા ગર્ભગૃહમાં જવાની કોશિશ કરતી વખતે પોલીસે રોકતાં તીખી બહસ થઈ હતી. સમગ્ર ઘટનાના સામે આવેલા CCTV ફૂટેજમાં ધારાસભ્યની પુત્રી મહિલા પોલીસ અધિકારીને તમાચો મારતી નજરે પડે છે. આ ઘટના 12 ઓગસ્ટના રોજ સાંજે 4:30 વાગ્યા આસપાસ બનેલી હોવાનું સામે આવ્યું છે. વાઈરલ CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે બોલાચાલી દરમિયાન ઐશ્વર્યા પોતાના ફોનથી કોલ કરવાનો પ્રયાસ કરે છે અને અચાનક મહિલા SI સવિતાને થપ્પડ મારી દે છે, જેના જવાબમાં મહિલા અધિકારી પણ સામો પ્રહાર કરે છે. આ ઘટના બાદ મહિલા અધિકારીએ ક્યાથનહલ્લી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ધારાસભ્યની પુત્રી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો હેઠળ સરકારી કર્મચારી પર હુમલો, જાનથી મારી નાખવાની ધમકી અને ગુનાહિત કૃત્ય બદલ FIR દાખલ કરી છે. સામે પક્ષે ઐશ્વર્યાએ પણ મહિલા અધિકારી વિરુદ્ધ ગાળાગાળી કરવાનો આક્ષેપ મૂકી વળતી ફરિયાદ નોંધાવી છે. આ ચર્ચિત કિસ્સા બાદ ભાજપ ધારાસભ્ય બી. સુરેશ ગૌડાએ મીડિયા સમક્ષ આવીને પુત્રીના વર્તન બદલ ક્ષમા માગી છે. તેમણે જણાવ્યું હતું કે જો તેમની પુત્રીથી ભૂલ થઈ હોય તો કાયદા મુજબ કડક કાર્યવાહી થવી જોઈએ. ઐશ્વર્યા પોતાના 2 નાના બાળકો સાથે મંદિર ગઈ હતી.

## દિલ્હીમાં H1N1નો વધતો ખતરો: 2,300થી વધુ કેસ, CMની ઈમરજન્સી બેઠક; શાળાઓ ઍલર્ટ પર

નવી દિલ્હી

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ઈન્ફ્લુએન્ઝા અને સ્વાઈન ફ્લૂના કેસોમાં સતત થઈ રહેલા વધારા તેમજ ડુંગળી અને ખાંડના વધતા ભાવોને પગલે મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ એક ઈમરજન્સી સમીક્ષા બેઠક બોલાવી છે. તેમણે જણાવ્યું કે આ બંને મહત્ત્વના મુદ્દાઓ પર સરકારની આગામી રણનીતિ નક્કી કરવા માટે આજે તાત્કાલિક બેઠક યોજવામાં આવી રહી છે. મંગળવારે દિલ્હીના આરોગ્ય મંત્રી પંકજ કુમાર સિંહે પણ આ અંગે માહિતી આપતાં નાગરિકોને ખાતરી આપી હતી કે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને કોઈએ ગભરાવાની જરૂર નથી. આરોગ્ય વિભાગ, એમસીડી(MCD), એનડીએમસી(NDMC) અને દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડના ઉચ્ચ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં આરોગ્ય મંત્રી(Pankaj Kumar Singh)એ જણાવ્યું કે તમામ સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં બેડ, તબીબો, નર્સિંગ સ્ટાફ કે જરૂરી દવાઓની કોઈ અછત નથી. દર્દીઓ ઊંચા તાવ સાથે આવી રહ્યા છે.

### નીતિન ગડકરીએ કહ્યું- હવે વધુ કામ કરી શકતો નથી: નવી પેઢીને જવાબદારી સોંપવી જોઈએ

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે હવે તેઓ પહેલા જેટલું કામ કરી શકતા નથી અને હવે જવાબદારી નવી પેઢીના હાથમાં સોંપી દેવી જોઈએ. નાગપુરના કાટોલ ખાતે આયોજિત 'એકલવ્ય એકલ વિદ્યાલય શિક્ષક-સુપરવાઈઝર તાલીમ વર્ગ'ના કાર્યક્રમમાં આદિવાસી વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે આ વાત કહી. ગડકરીના આ નિવેદન બાદ મહારાષ્ટ્ર અને કેન્દ્રની રાજનીતિમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રાજકીય વર્તુળોમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના દિલ્હી જવા અંગે અટકળો લગાવવામાં આવી રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# ગુજરાત પોલીસને મળ્યા 500 નવા 'જનરક્ષક'

## હવે એક હજાર વાહન 24 કલાક દોડશે, રિસ્પોન્સ ટાઈમ 8 મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક; 112 ઇમરજન્સી સેવા વધુ ઝડપી બનાવવા પ્રયાસ, ઓલા-ઉબેર સહિતની એપમાં પણ 112 પેનિક બટન

ગાંધીનગર

રાજ્યના નાગરિકોને ઈમરજન્સીની સ્થિતિમાં વધુ ઝડપી પોલીસ સહાય મળી રહે તે માટે ગુજરાત પોલીસના કાફલામાં વધુ 500 અત્યાધુનિક '112-જનરક્ષક' વાહનનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા સચિવાલય, ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 500 નવા વાહનને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાથે હવે સમગ્ર ગુજરાતમાં 24 કલાક 1 હજાર જનરક્ષક વાહન ઈમરજન્સી રિસ્પોન્સ માટે તૈનાત રહેશે.

રાજ્યમાં 112 ઈમરજન્સી સેવાને વધુ અસરકારક બનાવવા 150 બેઠક ધરાવતું આધુનિક કોલ સેન્ટર, CAD (Computer Aided Dispatch) સિસ્ટમ અને કોલર લોકેશન ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. જેના પરિણામે રાજ્યનો સરેરાશ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ઘટી 10 મિનિટ 49 સેકન્ડ થયો છે. હવે નવા વાહનો અને ટેક્નોલોજીના ઉપયોગથી આ સમયને 8 મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

112 સેવાને ડિજિટલ પ્લેટફોર્મ સાથે પણ




જોડવામાં આવી છે. Ola, Uber, Rapido અને Bharat Taxi જેવી એપ્લિકેશનમાં 112 પેનિક બટનનું ઈન્ટિગ્રેશન કરવામાં આવ્યું છે. એટલે મુસાફરોને ઈમરજન્સીની સ્થિતિમાં પોલીસ સહાય મેળવવા માટે વધુ સરળ વિકલ્પ મળશે.

'જનરક્ષક' પ્રોજેક્ટના અમલીકરણના માત્ર 11 મહિનાના સમયગાળામાં 11.04 લાખથી વધુ ઈમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે. જ્યારે 6.74 લાખથી વધુ પોલીસ ઈમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવા આપવામાં આવી છે.

રાજ્ય મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ જનતાની સુરક્ષા માટે સતત પ્રતિબદ્ધ છે. 112 ઈમરજન્સી સેવા દ્વારા નાગરિકોને શક્ય તેટલા ઓછા સમયમાં પોલીસ સહાય મળી રહે તે દિશામાં આ વ્યવસ્થા વધુ સક્ષમ બનશે.

500 નવા અત્યાધુનિક વાહનના સમાવેશ સાથે ગુજરાતની 112 ઈમરજન્સી સેવા હવે વધુ ઝડપી, ટેક્નોલોજી આધારિત અને નાગરિક કેન્દ્રિત બનશે. ઘટના સ્થળની સૌથી નજીક ઉપલબ્ધ જનરક્ષક વાહનને મોકલી ઈમરજન્સી રિસ્પોન્સ વધુ ઝડપી બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અરુણકુમાર સોલંકી, CID ક્રાઈમ DGP ડૉ. કે.એલ.એન રાવ, લો એન્ડ ઓર્ડર DGP રાજકુમાર પાંડિયન, પોલીસ ટ્રેનિંગ DGP નિરજા ગોટરૂ, અગ્ર સચિવ નિપુણા તોરવણે, P&M ADGP ખુરશીદ અહેમદ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ગુજસીટોકના આરોપીએ છરીની અણીએ વેપારીઓ પાસે ખંડણી માંગી : આરોપી સામે બે દિવસમાં બે ફરિયાદ

અમદાવાદ

અમદાવાદમાં ગીતા મંદિર એસટી બસપોર્ટ પાસે ટ્રાવેલ્સ વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો છે. ગુજસીટોકના આરોપીએ છરીની અણીએ વેપારી પાસેથી બસ દીઠ પાંચ હજારની ખંડણી માંગી છે. મોડી રાત્રે આરોપી ટ્રાવેલ્સની ઓફિસમાં જઈને છરીની અણીએ ખંડણીને અંજામ આપતો હતો. આરોપી માથાભારે હોવાથી તેની સામે બે દિવસમાં કાગડાપીઠમાં હત્યાના પ્રયાસની અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં વેપારીએ ખંડણીની ફરિયાદ નોંધાવી છે.

ગીતામંદિર આસપાસની ટ્રાવેલ્સ ઓફિસોમાં અચાનક ડરનો માહોલ છવાઈ ગયો હતો. CTMમાં હરીદર્શન પાર્ક સોસાયટીમાં રહેતા કેયુર ખાણદર ગીતામંદિર ચાર રસ્તા પાસે મુંશીનાવંડાની નજીક સહયોગ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ચલાવે છે. થોડા દિવસ પહેલાં કેયુર, તેમના પિતા દિનેશભાઈ, મેનેજર નિક્ષીત અને અન્ય કર્મચારીઓ ઓફિસમાં હાજર હતા.

ત્યારે શરીફખાન પઠાણ અચાનક ઓફિસમાં આવ્યો હતો. બાદમાં કેયુરની છાતી પર છરી રાખી ધમકી આપી હતી કે, અહીં ટ્રાવેલ્સનો ધંધો કરવો હોય તો દરેક બસના પાંચ હજાર રૂપિયા આપવા પડશે નહીં તો જાનથી મારી નાખીશ. આ દરમિયાન કેયુરના કર્મચારીઓ ગૌતમ અને ઉર્વેશ સાથે પણ મારઝૂડ કરવામાં આવી હતી.

બીજા દિવસે શરીફખાન રાતના બે વાગ્યે ફરી છરી લઈને આવ્યો હતો. ઓફિસ કેમ ખુલ્લી છે કહી કેયુરને ધમકાવ્યો અને પૈસાની માગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપીને 500 રૂપિયા લઈ ગયો હતો.

## RTO ચલણની ફાઈલ મોકલી ઠગાઈ:યુવકે મોપેડનું ચલણ સમજી ફાઈલ ડાઉનલોડ કરતા એકાઉન્ટમાંથી 99 હજાર ઉપડી ગયા

અમદાવાદ

RTOનું ચલણ સમજીને ફાઈલ ડાઉનલોડ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 99 હજાર ઉપડી ગયા હતા. યુવકને જાણ થતા વેજલપુર પોલીસ સ્ટેશનમાં સાયબર ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ શહેરના વેજલપુરમાં રહેતો યુવક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરે છે. યુવકના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી RTO ચલણની એક ફાઈલ આવી હતી. યુવકે RTOની ફાઈલ સમજીને ડાઉનલોડ કરતા ફાઈલમાં યુવકના મોપેડનું RTO ચલણ હતું. યુવકને એક રૂપિયો ભરવાનું કહેતા યુવકે બેંક દ્વારા એક રૂપિયો ભરાયો નહતો. જેથી યુવકે ફાઈલ અને એપ્લિકેશન ડિલીટ કરી દીધી હતી.

થોડા સમય બાદ યુવકના ફોનમાં OTP આવ્યા હતા. યુવકે બેંકમાં જઈને તપાસ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા પૈસા ઉપડી ગયા હતા. ક્રેડિટ કાર્ડમાં પણ 20 હજારનું બિલ આવ્યું હતું. યુવકની જાણ બહાર 99,149 રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. જે અંગે યુવકે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

કેમિકલ કંપની વિરુદ્ધ અવાજ ઉઠાવનાર

## AAP ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈ પર હુમલો

■ રમેશભાઈ લાંબા સમયથી પોતાના ગામમાં એક કેમિકલ કંપની વિરુદ્ધ અવાજ ઉઠાવીને તેનો વિરોધ કરી રહ્યાં હતાં

ખંભાત

આમ આદમી પાર્ટી ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈ રાઠોડ પર કેમિકલ કંપની વિરુદ્ધ અવાજ ઉઠાવવા બદલ હુમલો કરવામાં આવ્યો હતો. છેલ્લા લાંબા સમયથી રમેશભાઈ પોતાના ગામમાં કેમિકલ કંપની સામે વિરોધ નોંધાવી રહ્યા હતા. આ દરમિયાન કંપનીએ એક સ્થાનિક વ્યક્તિ સાથે સાંઠગાંઠ કરીને રમેશભાઈ પર હુમલો કરાવ્યો છે, જેમાં તેમના પગમાં ગંભીર ઈજા પહોંચી છે તેવું જાણવા મળ્યું છે. હુમલા બાદ તેમને



સારવાર માટે ખંભાત જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના ખંભાત વિધાનસભાના મીડિયા મંત્રીએ જણાવ્યું હતું કે, રમેશભાઈને એક હુમલાખોર દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હતો અને તેમની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અત્યારે રમેશભાઈ જનરલ હોસ્પિટલમાં દાખલ છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને અપીલ છે કે રમેશભાઈનું મનોબળ વધારવા માટે તાત્કાલિક જનરલ હોસ્પિટલ ખાતે આવો.

પથારીવશ રહેલા AAP ખંભાતના સંગઠન મંત્રી રમેશભાઈએ ઘાયલ અવસ્થામાં એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, મને મારી નાંખવાનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મારું ગળું દબાવીને મને મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યાં બે બાઈકવાળા લોકો આવ્યા એટલા માટે મારા પર હુમલો કરનાર વ્યક્તિ ભાગી ગયો.

## સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકની ફાઈલો-ફોલ્ડર વાપરવા પર બ્રેક!!

સચિવાલય, કોર્પોરેશન, યુનિવર્સિટી, નિગમ સહિતની ઓફિસમાં નિયમ લાગુ

ગાંધીનગર

રાજ્યની તમામ સરકારી ઓફિસોમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવામાં આવશે. સચિવાલયના તમામ વિભાગો ઉપરાંત ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓમાં પણ આ નિર્ણય લાગુ પડશે. કચેરીઓમાં રોજિંદા ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલ કવરની જગ્યાએ હવે કાગળ, શણ અને કાપડમાંથી બનેલા ઈકો-ફ્રેન્ડલી અને ટકાઉ ફાઈલ કવરનો ઉપયોગ કરવામાં આવશે. આથી પ્લાસ્ટિક આધારિત સ્ટેશનરીનો વપરાશ ધીમે ધીમે ઘટશે. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર મુજબ હાલમાં સરકારી કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિકની ફાઈલો અને સ્ટેશનરીનો સ્ટોક તાત્કાલિક નિકાલ કરવાનો રહેશે નહીં. ઉપલબ્ધ સ્ટોક પૂર્ણ થયા બાદ નવી ખરીદી કરતી વખતે પર્યાવરણને અનુકૂળ વિકલ્પો જ પસંદ કરવાના રહેશે. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 અને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2016 અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે.

## રાજકોટમાં 12મા માળેથી યુવકે ઝંપલાવી જીવ ગુમાવ્યો: મિત્રના ઘરે પહોંચ્યા બાદ ગેલેરીમાંથી કૂદ્યો

રાજકોટ

રાજકોટના રૈયાગામ સ્મશાન નજીક આવેલી પામ યુનિવર્સ બિલ્ડિંગમાં 42 વર્ષીય નિમેષ ભંડેરીએ 12મા માળેથી ઝંપલાવી જીવનનો અંત લાવ્યો હોવાની ઘટના સામે આવી છે. 24 ઓગસ્ટની મોડી રાત્રે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ દ્વારા હાલ આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ નિમેષ છેલ્લા અઢી વર્ષથી આશા પાડલિયા નામની ડિવોર્સી મહિલા સાથે મૈત્રી કરાર કરીને રહેતા હતા. બંને વચ્ચે સંબંધ હોવાથી તેઓ અવારનવાર આશાની બહેનપણી કાજલના ઘરે પણ જતા હતા. કાજલ પામ યુનિવર્સ બિલ્ડિંગમાં રહે છે. 24 ઓગસ્ટની રાત્રે નિમેષ કાજલના ઘરે પહોંચ્યા હતા. ઘરના સભ્યોને લાગ્યું હતું કે તેઓ રૂમમાં સૂઈ ગયા છે. જોકે, મોડી રાત્રે કાજલની પુત્રી પાણી પીવા માટે જાગી ત્યારે નિમેષ રૂમમાં જોવા મળ્યા નહોતા. તેણીએ ગેલેરીમાંથી નીચે નજર કરતાં બિલ્ડિંગના નીચેના ભાગે નિમેષ પડેલી હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ પરિવારને જાણ થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં નિમેષની લિવ-ઈન પાર્ટનર આશા પણ કાજલના ઘરે દોડી આવી હતી. મૃતદેહ જોઈને તે નિમેષનો ચહેરો પકડીને વિલાપ કરવા લાગી હતી.

કુડાસણ સ્થિત 'વીન વીન ઓવરસીઝ' નામના

## વિઝા એજન્ટે કેનેડા PR વિઝાના નામે કરી રૂ.97.50 લાખની ઠગાઈ

ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણ સ્થિત 'વીન વીન ઓવરસીઝ' નામના વિઝા એજન્ટે કેનેડાના PR વિઝા અપાવવાની લાલચ આપીને એક જ પરિવારના ભાઈ-બહેન પાસેથી રૂ. 97.50 લાખ પડાવી લીધા છે. એજન્ટે PR વિઝા આપવાને બદલે માત્ર ક્લોઝ વર્ક પરમિટ આપતાં કેનેડા પહોંચેલા ભાઈ-બહેનને અંતે ભારત પરત ફરવું પડ્યું હતું. આ અંગે પીડિત પરિવારે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના કુડાસણ સ્થિત ઉમિયા બંગલોમાં રહેતા સુનિલભાઈ અમરતભાઈ પટેલે પોતાના પુત્ર અને ભત્રીજીને કેનેડા મોકલવા માટે વિઝા એજન્ટની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન અમેરિકા રહેતા પરિચિત મારફતે કુડાસણના 'રાધે સ્ક્વેર'માં ઓફિસ ધરાવતા રવિ સુરેશ સોલંકી (રહે. રાણીપ)નો સંપર્ક થયો હતો. રવિ સોલંકીએ અત્યાર સુધીમાં 35 લોકોને વિદેશ મોકલ્યા હોવાનો દાવો કર્યો હતો અને 3 થી 4 મહિનામાં કેનેડાના




વિઝા તથા ત્યારબાદ તુરંત PR અપાવવાની ખાતરી આપીને રૂ. 97.50 લાખમાં ડીલ નક્કી કરી હતી. વિઝા પ્રોસેસિંગના ભાગરૂપે બાયોમેટ્રિક અને મેડિકલ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ એજન્ટે પરિશાદ પાસેથી રૂ. 97.50 લાખ રોકડા મેળવી લીધા હતા અને મનોટોબા સ્થિત એક કંપનીની ક્લોઝ વર્ક પરમિટ આપી દીધી હતી. જોકે, કેનેડા પહોંચ્યા બાદ સુનિલભાઈના પુત્ર પાસે હેલ્થ કાર્ડ ન હોવાથી કંપનીએ તેને કામ આપવાની ના પાડી દીધી હતી, જ્યારે ભત્રીજીને પણ થોડા સમય બાદ નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવી હતી. તેમ છતાં એજન્ટે PR ફાઈલ ચાલુ રાખવાના બહાને દર 15 દિવસે 1,500 કેનેડિયન ડોલર લેવાનું ચાલુ રાખ્યું હતું.

ત્યારબાદ એજન્ટે કોઈ મદદ કરવાને બદલે ગોળગોળ જવાબો આપવાનું શરૂ કરતાં પરિવારને શંકા ગઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે એજન્ટ રવિ સોલંકી પોતે પરિવાર સાથે કેનેડા ભાગી જવાની પેરવીમાં હતો.

પેન્ડિંગ અરજીનો તાત્કાલિક નિકાલ કરવા માંગ

## વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમયસર ચૂકવવા સહિતના પ્રશ્ને ABVP મેદાને

આ ગેંગ રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાંથી ઓઇલ ચોરી કરી ગુજરાતમાં વેચતી હતી

ગાંધીનગર

ABVP ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત અને આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. રાજ્યની તમામ શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા SC, ST, SEBC, EWS તથા અન્ય પાત્ર ધરાવતા વિદ્યાર્થીઓની બાકી રહેલી શિષ્યવૃત્તિની રકમ તાત્કાલિક ચૂકવવા તેમજ પેન્ડિંગ અરજીઓનો સત્વરે નિકાલ કરવા અંગે ગાંધીનગર કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

રાજ્યની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી મળતી રજૂઆતો અનુસાર, શિક્ષણ વિભાગ અંતર્ગત આવતી MYSY, CMSS સહિતની યોજનાઓ ઉપરાંત આદિજાતિ વિભાગમાંથી મળતી પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ તથા સમાજ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓની રકમ સમયસર વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થતી નથી.

ઘણા વિદ્યાર્થીઓની અરજીઓ લાંબા સમયથી વેરીફિકેશન, મંજૂરી કે પેમેન્ટની પ્રક્રિયામાં પેન્ડિંગ પડી



રહી છે. આ ઉપરાંત, બેંક, DBT, આધાર કે NPCI મેપિંગ, ઈન્સ્ટિટ્યૂટ વેરીફિકેશન અથવા અન્ય ટેકનિકલ અને વહીવટી કારણોસર ચૂકવણી અટકેલી હોવાનું સામે આવ્યું છે. શિષ્યવૃત્તિ અટવાઈ જવાને કારણે આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ ફી, હોસ્ટેલ ફી, પુસ્તકો, રહેવા-જમવા તથા અન્ય શૈક્ષણિક ખર્ચાઓ પહોંચી વળવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેનાથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર આર્થિક ભારણ વધી ગયું છે.

## વલસાડમાં ફૂડ વિભાગની તપાસ તેજ : નિયમભંગ બદલ નોટિસ, દંડ અને પેઢીઓ બંધ કરાઈ

વલસાડ

વલસાડ જિલ્લામાં નાગરિકોને સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્ય પદાર્થો મળી રહે તે હેતુથી જિલ્લા ફૂડ વિભાગ દ્વારા સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતી વિવિધ પેઢીઓ પર ફૂડ સેફ્ટી અને સ્વચ્છતા સંબંધિત નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

આ તપાસ દરમિયાન વાપી, સંજાણ, ઉમરગામ અને પારડી સહિતના વિસ્તારોમાં આવેલી રેસ્ટોરન્ટ, હોટલ અને ખાદ્ય પદાર્થોની પેઢીઓની મુલાકાત લેવામાં આવી હતી. સંજાણના નામપાડા ખાતે આવેલી બોમ્બે રેસ્ટોરન્ટમાં શિડ્યૂલ-4ની જોગવાઈઓનું પાલન થતું હોવા છતાં, મેડિકલ અને વોટર રિપોર્ટની અપૂર્તતા, પેસ્ટ કંટ્રોલનો અભાવ તેમજ ખુલ્લા કિચનમાં જીવજંતુઓને રોકવા માટે જાળી ન હોવા જેવી ખામીઓ જોવા મળી હતી. આથી, પેઢીને સુધારા માટે નોટિસ ફટકારવામાં આવી છે. સંજાણના ઉમરગામ રોડ પર આવેલી બોમ્બે કેટરસ હેન્ડ રેસ્ટોરન્ટ પાસે જરૂરી લાઈસન્સ કે નોંધણી ન હોવાનું સામે આવ્યું હતું.

## રાજ્યમાં 25 ચીફ ઓફિસરની સામૂહિક બદલી: સુરત-અમદાવાદ-ગાંધીનગર-રાજકોટ ઝોનમાં મોટા ફેરફાર

### હુકમમાં મુજબ માંડવી-બારોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે વર્ગ-2ના વૈભવ વ્યાસને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે, તેઓ પોતાની હાલની કામગીરી ઉપરાંત આ જવાબદારી પણ સંભાળશે

ગાંધીનગર

રાજ્યના શહેરી વહીવટીતંત્રમાં સરકારે મોટો ફેરફાર કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે રાજ્યની નગરપાલિકાના ચીફ ઓફિસર સંવર્ગના 25 અધિકારીની બદલી અને નવી નિમણૂકના આદેશો કર્યા છે. 24 ઓગસ્ટે મંજૂર કરાયેલા આ હુકમથી અનેક નગરપાલિકાઓ ઉપરાંત સુરત, અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર કક્ષાના પદના અધિકારીઓમાં પણ ફેરફાર થયો છે. રવિકાન્ત પટેલને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર પદેથી માણસા ચીફ ઓફિસર તરીકે મુકવામાં આવ્યા છે.

જ્યારે પારસ મકવાણાની વેરાવળ-પાટણથી બદલી કરીને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર બનાવાયા છે. કેશવ કોલડીયાને અંકલેશ્વરથી બદલીને પ્રાદેશિક કમિશનર મ્યુનિસિપાલિટી, સુરત ઝોન બનાવાયા છે. નીતિન બોડાતને કલોલથી અમદાવાદ ઝોનના પ્રાદેશિક કમિશનર તરીકે નિમણૂક મળી છે. સતીશ પટેલ માણસાથી ગાંધીનગર ઝોનના પ્રાદેશિક કમિશનર અને રૂપલ ખેતીયાને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાંથી રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર બનાવવામાં આવ્યા છે.

હુકમમાં મુજબ માંડવી-બારોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે વર્ગ-2ના વૈભવ વ્યાસને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેઓ પોતાની હાલની કામગીરી ઉપરાંત આ જવાબદારી પણ સંભાળશે.

સરકારે તમામ બદલી-નિમણૂકોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો આદેશ કર્યો છે. આ મોટા વહીવટી ફેરફારથી રાજ્યની અનેક નગરપાલિકાઓમાં ચીફ ઓફિસર સ્તરે નવી ટીમ કાર્યરત થશે. ગુજરાતમાં અગાઉ પણ શહેરી વિકાસ વિભાગ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરની સામૂહિક બદલી કરવામાં આવી ચૂકી છે.

પાક્કો ગુજરાત

બુધવાર | 26 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશમાંથી આવક ઘટતાં હોલસેલથી છૂટક બજાર સુધી ભાવ વધ્યા

# ડુંગળીના ભાવમાં ફરી ભડકો: અમદાવાદમાં કિલો ₹60-70 સુધી પહોંચ્યો, આગામી દિવસોમાં વધુ મોંઘી થવાની શક્યતા

## ડુંગળી રોજિંદા ભોજનનો મહત્વનો ભાગ હોવાથી ભાવમાં થયેલો વધારો સીધી રીતે ઘરગથ્થુ બજેટ પર અસર કરી રહ્યો છે

અમદાવાદ

તહેવારોની વચ્ચે હવે ડુંગળીના વધતા ભાવે સામાન્ય લોકોનું બજેટ ખોરવી નાખ્યું છે. અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક શહેરોમાં છેલ્લા 15 દિવસમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં છૂટક બજારમાં સારી ગુણવત્તાની ડુંગળીનો ભાવ આશરે 60થી 70 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. તાજેતરના અહેવાલોમાં પણ અમદાવાદમાં ડુંગળીના ભાવ 60 પ્રતિ કિલો સુધી પહોંચ્યાનો ઉલ્લેખ થયો છે.



ડુંગળીના ભાવ વધવાનું મુખ્ય કારણ પુરવઠામાં ઘટાડો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વરસાદની અસરને કારણે ડુંગળીના સ્ટોક અને સપ્લાય પર અસર પડી છે. બીજી તરફ, હાલ દેશના અનેક વિસ્તારોમાં ચોમાસું સક્રિય છે અને મધ્યપ્રદેશ સહિતના વિસ્તારો માટે ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં હોલસેલ બજારમાં ડુંગળીના ભાવ વધતાં તેની સીધી અસર છૂટક વેપારીઓ પર પડી છે. વેપારીઓને પૂરતો જથ્થો ન મળવાને કારણે બજારમાં આવક ઘટી રહી છે. માલની ઉપલબ્ધતા ઓછી હોવાથી સારી ગુણવત્તાની ડુંગળીના ભાવમાં વધુ વધારો થવાની શક્યતા પણ વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ડુંગળીના મહત્વના સપ્લાયર છે. આ વિસ્તારોમાં વરસાદની સ્થિતિને કારણે પુરવઠો પ્રભાવિત થાય તો તેની અસર ગુજરાતના બજારો પર પણ ઝડપથી જોવા મળે છે. હાલ મધ્યપ્રદેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે, જેના કારણે આવનારા દિવસોમાં સપ્લાય પર વધુ અસર થવાની ચિંતા છે.

ડુંગળી રોજિંદા ભોજનનો મહત્વનો ભાગ હોવાથી ભાવમાં થયેલો વધારો સીધી રીતે ઘરગથ્થુ બજેટ પર અસર કરી રહ્યો છે. એક તરફ તહેવારોનો ખર્ચ વધી રહ્યો છે, ત્યારે બીજી તરફ શાકભાજીના ભાવમાં વધારો થતાં સામાન્ય પરિવારોને વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે.

વેપારીઓના મતે જો આવકમાં ઝડપથી વધારો નહીં થાય તો આગામી અઠવાડિયામાં ડુંગળીના ભાવમાં વધુ વધારો જોવા મળી શકે છે. હાલમાં બજારમાં પુરવઠો સામાન્ય થાય અને નવી આવક વધે તેની રાહ જોવાઈ રહી છે.

### ગુજરાત ATSનું સનસનાટીભર્યું ઓપરેશન

## પંજાબના બટાલા ફાયરિંગ કેસમાં કુખ્યાત ગેંગસ્ટર પાલનપુરથી ઝડપાયો

પાલનપુર

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) દ્વારા ગુનેગારો સામે વધુ એક સફળ અને આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. પંજાબના બટાલા ખાતે થયેલા સનસનાટીભર્યા ફાયરિંગ કેસમાં છેલ્લા કેટલાક સમયથી વોન્ટેડ રહેલા કુખ્યાત આરોપી સુખપિન્દર સિંહ ઉર્ફે સુખીને ગુજરાત ATSની ટીમે બનાસકાંઠાના પાલનપુર ખાતે આવેલી હોટલ સુંદરામાંથી સાહસિક ઓપરેશન પાર પાડીને ઝડપી પાડ્યો છે. આરોપીની અટકાયત કર્યા બાદ તેને તાત્કાલિક અસરથી અમદાવાદ સ્થિત ATS કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો. આરોપીની કરવામાં આવેલી કડક અને પ્રાથમિક પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. આરોપી સુખપિન્દર સિંહ પંજાબની અતિ કુખ્યાત 'જગુ ભગવાનપુરિયા' ગેંગ સાથે સીધો સંકળાયેલો હોવાનું બહાર આવ્યું છે. આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે ગત 20 જુલાઈ 2026ના રોજ પોતાના સાગરીતો સાથે મળીને પંજાબના બટાલા વિસ્તારમાં તાબડતોબ ફાયરિંગ કરી ભારે દહેશત ફેલાવી હતી. આ ઘટના અંગે બટાલાના સેખવાન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બટાલામાં ગોળીબારની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી પોલીસ પકડથી બચવા માટે સતત પોતાના સ્થાન બદલી રહ્યો હતો. તે પંજાબથી નાસીને હરિયાણા, દિલ્હી, હૈદરાબાદ અને નાંદેડ જેવા વિવિધ શહેરોમાં આશરો લેતો લેતો આખરે ગુજરાતના પાલનપુર આવી પહોંચ્યો હતો.

## ડભોઈ રેલ્વે સરિતા ઓવરબ્રિજ પર રખડતા ઢોરનો ભારે ત્રાસ: તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

ડભોઈ



વિશ્વવિખ્યાત પર્યટન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા ડભોઈના મુખ્ય રેલ્વે સરિતા ઓવરબ્રિજ પર હાલ રખડતા પશુઓનો અડિંગો વાહનચાલકો અને મુસાફરો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. સમગ્ર બ્રિજ પર દિવસ-રાત રખડતી ગાયો અને અન્ય ઢોર અડીંગો જમાવીને બેસતા હોવાથી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ રહી છે અને અકસ્માતનો ગંભીર ભય ઊભો થયો છેરાત્રિના સમયે અકસ્માતનું જોખમ આ ઓવરબ્રિજ પરથી ૨૪ કલાક સ્થાનિક વાહનો ઉપરાંત દેશ-વિદેશથી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જતા પ્રવાસીઓની ભારે અવરજવર રહે છે. રાત્રિના અંધકારમાં બ્રિજ પર બેઠેલા પશુઓ વાહનચાલકોને સમયસર નજરે ન પડતાં વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. સ્થાનિકો તેમજ મુસાફરો આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ચૂક્યા છે.

વારંવારની રજૂઆતો અને વધતા અકસ્માતો છતાં ડભોઈ નગરપાલિકા કે સ્ટેટ હાઈવે વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા રખડતા ઢોર સામે કોઈ નક્કર ઝુંબેશ ચલાવવામાં આવી નથી. તંત્રની આ નિષ્ક્રિયતાના કારણે પશુપાલકો બિન્ધાસ્તપણે પોતાના ઢોર જાહેર માર્ગો પર ખુલ્લા છોડી રહ્યા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે સામાન્ય દિવસોમાં પશુઓને રસ્તા પર રખડતા મૂકી દેવાય છે, પરંતુ જ્યારે કોઈ અકસ્માતમાં પશુને ઈજા પહોંચે ત્યારે પશુપાલકો અને માલિકો તાત્કાલિક હોબાળો મચાવવા દોડી આવે છે.

### જેતપુરના ઉધોગનગર વિસ્તારમાં SOGનો દરોડો

## ફિલ્ટર પ્લાન્ટ પાસેની ધારમાંથી તાસનું ગેરકાયદેસર ખનન ઝડપાયું, રૂપિયા 40.50 લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ગેરકાયદેસર રેતી અને ખનીજ ચોરીની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ગેરકાયદેસર ખનન વિરુદ્ધ સફળતાપૂર્વક પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી છે.

ગુનાની વિગત મુજબ, એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ. પારગીના આદેશાનુસાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.બી. મિશ્રા અને જી.જે.ઝાલા સ્ટાફના માણસો જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન હે.કો. નેમિષભાઇ મહેતા તથા પિયુષભાઇ અઘેરાને



સંયુક્ત રીતે ચોક્કસ બાતમી મળી હતી કે, જેતપુર ઉદ્યોગનગર વિસ્તારમાં ફિલ્ટર પ્લાન્ટની પાસે આવેલ ધારમાંથી તાસનું ગેરકાયદેસર ખનન તથા વહનની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ હકીકતના આધારે પોલીસે તે સ્થળે રેડ પાડતા ત્યાં તાસનું ગેરકાયદેસર ખનન તથા વહનની પ્રવૃત્તિ ચાલુ હોવાનું જણાઈ આવ્યું હતું, જેથી પોલીસે સ્થળ પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂ. ૪૦,૫૦,૦૦૦/- ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં રૂ. ૩૦,૦૦,૦૦૦ ની કિંમતનું એક એસ્કેવેટર મશીન રૂ. ૧૦,૦૦,૦૦૦ ની કિંમતનું એક ડમ્પર અને અંદાજે ૧૦૦ ટન ખનન કરેલ તાસ (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) નો સમાવેશ થાય છે. આ તમામ વાહનોને એમ.વી.એક્ટ ૨૦૭ મુજબ ડિટેઈન કરી, ભૂસ્તર શાસ્ત્રી, ખાણ ખનીજ વિભાગ રાજકોટને વધુ કમ્પાઉન્ડિંગ દંડ પેટે રીપોર્ટ આપી આગળની કાયદેસરની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યા છે. આ સમગ્ર કામગીરી એસ.ઓ.જી. શાખાના પો.ઈન્સ. એફ.એ.પારગી, પો. સબ.ઈન્સ.જી.જે.ઝાલા, પી.બી.મિશ્રા તેમજ હે.કો. નેમિષભાઈ મહેતા, પિયુષભાઈ અઘેરા તથા જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના હે.કો. મયંકગીરી મેઘનાથી દ્વારા કરવામાં આવી છે.

## જેતપુરમાં જુગારધામ પર LCBનો દરોડો : 2 મહિલા સહિત 8 જુગારી ઝડપાયા, 73.500નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની ટીમે જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલી રહેલા જુગારધામ પર સફળ દરોડો પાડીને કાર્યવાહી કરી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ વડા વિજયસિંહ ગુર્જર ના માર્ગદર્શન હેઠળ દારૂ-જુગારની પ્રવૃત્તિ નાબૂદ કરવા આપેલી સૂચના અન્વયે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી. શાખાના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ મનિષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને ટેકનિકલ અને હ્યુમન સોર્સિસથી ખાનગી રાહે પાકી બાતમી મળી હતી કે જેતપુર સીટી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી આરોપી ગીતાબેન અજયભાઈ ભટ્ટીના કબજા ભોગવટાના મકાનમાં અમુક ઈસમો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીવાળા




સ્થળે પોલીસે તાત્કાલિક રેઈડ પાડતા ઘટનાસ્થળેથી ૨ મહિલા અને ૬ પુરુષો મળી કુલ ૮ આરોપીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એલ.સી.બી. ની ટીમે રેઈડ દરમિયાન જુગારના પટમાંથી રોકડા રૂ. ૪૮,૫૦૦/- તથા રૂ. ૨૫,૦૦૦/- ની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭૩,૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ડભોઈમાં ભાજપ સરકાર વિરુદ્ધ કોંગ્રેસના આક્રમક ધરણાસૂત્રોચ્ચાર

## ગેરકાયદેસર દારૂબંધી અને લઠ્ઠાકાંડના મુદ્દે ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરાઈ

ડભોઈ

મહાત્મા ગાંધીના પવિત્ર અને આદર્શ ગુજરાત રાજ્યમાં દારૂબંધી માત્ર વહીવટી કાગળો પર જ સીમિત રહી ગઈ હોવાના ચોંકાવનારા આરોપો સાથે ડભોઈ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યની શાસક ભાજપ સરકાર સામે વિરોધનો મોરચો ખોલી દેવામાં આવ્યો છે. રાજ્યભરમાં ખુલ્લેઆમ ચાલી રહેલા ગેરકાયદેસર દારૂના કાળા કારોબાર અને વારંવાર સામે આવતી લઠ્ઠાકાંડની અતિ ગંભીર તથા પ્રાણઘાતક ઘટનાઓએ સામાન્ય નાગરિકોના જીવ જોખમમાં મૂકી દીધા છે.

શાસન અને પોલીસ તંત્રની નિષ્ક્રિયતા સામે જનઆક્રોશ વ્યક્ત કરવા માટે 25મી ઓગસ્ટના રોજ ડભોઈના ઐતિહાસિક ટાવર ચોક ખાતે એક વિશાળ અને ઉગ્ર ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન તાલુકા પ્રમુખ સુધીરભાઈ બારોટ, શહેર પ્રમુખ સતિષભાઈ રાવળ, નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા કે અગ્રણી પુષ્પાબેન રાવળ, અફજલભાઈ કાબાવાલા તેમજ સિદ્દીકભાઈ વાણીયાવાલાની આગેવાનીમાં મોટી સંખ્યામાં નગરપાલિકા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા કોંગ્રેસના કાર્યકર્તાઓ ટાવર ચોક ખાતે એકત્રિત થયા હતા. ઉપસ્થિત તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ રસ્તા પર બેસીને ભાજપ સરકારની વિરોધી નીતિઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને વિરોધ દર્શાવતા ઉગ્ર સૂત્રોચ્ચારથી આખું વાતાવરણ ગુંજવી મૂક્યું હતું.

ધરણા સ્થળ પરથી કોંગ્રેસી નેતાઓએ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં ગલીએ-ગલીએ વેચાતો દારૂ તંત્રની છૂપી મદદ અને ભ્રષ્ટાચાર વગર શક્ય નથી. પ્રજાના અમૂલ્ય જીવ સાથે રમાઈ રહેલા આ ખતરનાક રમતની જવાબદારી ઉચ્ચ સ્તરે નક્કી થવી જરૂરી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં તથા દારૂબંધીનો કડક અમલ કરાવવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલા ગુજરાતના ગૃહમંત્રી તાત્કાલિક ધોરણે પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી સ્પષ્ટ અને આકરી માંગણી અહીંથી કરવામાં આવી હતી.

## વડતાલના કુખ્યાત બુટલેગર 'ચકામામા'નો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

ખેડા

ખેડા-આણંદ જિલ્લાના ગુનાહિત કારોબારમાં સનસનાટી મચાવી દે તેવા મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડી ખુલ્લેઆમ ગેરકાયદેસર દારૂનો કારોબાર ચલાવતા તત્વો સામે પોલીસે આકરો સપાટો બોલાવ્યો છે. વડતાલ વિસ્તારના જાણીતા અને કુખ્યાત બુટલેગર ધર્મેન્દ્ર ઉર્ફે 'ચકામામા'ના વિદેશી દારૂના મોટા જથ્થા પર પોલીસે છાપો મારીને મુદ્દામાલ જપ્ત કરી લીધો છે અને દારૂનું નેટવર્ક ચલાવતા ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસની પ્રાથમિક તપાસ અને ચોંકાવનારા ખુલાસામાં સામે આવ્યું છે કે, ઝડપાયેલા આ વિદેશી દારૂનો જથ્થો ઉત્તરસંડાના ખ્રિસ્તી મહોલ્લામાં રહેતો બુટલેગર કમલેશ પરમાર સપ્લાય કરતો હતો. વડતાલમાં દારૂનો નેટવર્ક બહુભાગી રીતે ચલાવવામાં આ કમલેશ પરમાર મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવતાં જ પોલીસે તેને ઝડપી પાડવા માટે ચોતરફ ચક્રો ગતિમાન કર્યા છે અને જુદી જુદી ટીમો બનાવી દરોડા પાડવાની કામગીરી તેજ કરી દીધી છે.

### ડભોઈમાં ભાજપ સરકાર સામે કોંગ્રેસનો જનઆક્રોશ

## દારૂબંધીના લીરેલીરા ઊડતા ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે ઉગ્ર ધરણાસૂત્રોચ્ચાર

ડભોઈ

મહાત્મા ગાંધીના પવિત્ર અને આદર્શ ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવો ઘાતક આરોપ લગાવી ડભોઈ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્ય સરકાર સામે મોરચો માંડવામાં આવ્યો છે. રાજ્યમાં ખુલ્લેઆમ ચાલી રહેલા ગેરકાયદે દારૂના કાળા કારોબાર અને વારંવાર સામે આવતી લઠ્ઠાકાંડની અતિ ગંભીર ઘટનાઓએ પ્રજાના જીવ જોખમમાં મૂકી દીધા છે. આ જનવિરોધી નીતિઓ અને તંત્રની નિષ્ક્રિયતા સામે 25મી ઓગસ્ટના રોજ ડભોઈના ઐતિહાસિક ટાવર ચોક ખાતે કોંગ્રેસ દ્વારા એક વિશાળ અને જ્વલંત ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડભોઈ ટાવર ચોક ખાતે યોજાયેલા આ ધરણાસૂત્રોચ્ચાર



કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ સુધીરભાઈ બારોટ, શહેર પ્રમુખ સતિષભાઈ રાવળ, નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા કે અગ્રણી પુષ્પાબેન રાવળ, અફજલભાઈ કાબાવાલા તેમજ સિદ્દીકભાઈ વાણીયાવાલા સહિત નગરપાલિકા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા બહોળી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. ઉપસ્થિત તમામ નેતાઓ અને કાર્યકરોએ રસ્તા પર બેસીને ભાજપ સરકારની નીતિઓ વિરુદ્ધ આકરા અને આક્રમક સૂત્રોચ્ચાર પોકારી આખા વાતાવરણને ગુંજવી મૂક્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના અગ્રણીઓએ સૂર ઉચ્ચાર્યો હતો કે, ગાંધીના ગુજરાતમાં ગેરકાયદેસર દારૂનું વેચાણ તંત્રની છૂપી મદદ વગર અશક્ય છે. પ્રજાના અમૂલ્ય જીવ સાથે રમાઈ રહેલા આ ખતરનાક રમતની જવાબદારી ઉચ્ચ સ્તરે નક્કી થવી જ જોઈએ. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવામાં અને દારૂબંધીનો અમલ કરાવવામાં સંપૂર્ણ નિષ્ફળ નીવડેલા ગુજરાતના ગૃહમંત્રી તાત્કાલિક ધોરણે પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી ચોકાવનારી માંગણી પણ આ મંચ પરથી કરવામાં આવી હતી.

### 1152 બોટલ સાથે 3 ઝડપાયા, 2 ફરાર

## જેતપુર ઉધોગનગર પોલીસે અલગ-અલગ બે જગ્યાએથી ઈંગ્લીશ દારૂ જથ્થો ઝડપ્યો!!

જેતપુર

જેતપુર ઉદ્યોગનગર પોલીસે પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરી છે. ટીમે અલગ-અલગ બે સ્થળોએ સફળ દરોડા પાડીને વિદેશી દારૂનું મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. આ કાર્યવાહીમાં કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર છે. પોલીસે કુલ 16,95,840/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રથમ દરોડો જેતપુર તાલુકાના રબારીકા ગામમાં પાણીના ટાંકા પાસે પાડવામાં આવ્યો હતો. પોલીસ ટીમને બાતમી મળી હતી કે એક ફોર-વ્હીલર કારમાંથી બીજી ફોર-વ્હીલર કારમાં




ઈંગ્લિશ દારૂની ગેરકાયદેસર હેરફેર થઈ રહી છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ઘટનાસ્થળેથી પ્રકાશ ઉર્ફે ગોપાલ રવજીભાઈ કંબોયા અને યુવરાજભાઈ બીસુભાઈ લાલુને ઝડપી પાડ્યા હતા. આ દરોડા દરમિયાન, પોલીસે 13,00,000/- ની કિંમતના ત્રણ ફોર-વ્હીલર વાહનો, 73,440/- ની કિંમતના ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના 180 મિલીના 432 ચપલા અને 10,000/- ની કિંમતના બે મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. આમ, પ્રથમ દરોડામાં કુલ 13,83,440/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. તે જ રાત્રિ દરમિયાન, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી બીજી ટીમે શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી સિલ્વર કલરની સુઝુકી ડીઝાયર કાર (નંબર GJ 12 BF 8584) ને રોકી હતી. તપાસ કરતા કારમાંથી જુદી-જુદી બ્રાન્ડના ઈંગ્લિશ દારૂના 1520 ચપલા અને એક મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

### પોશ અડાજણના પલમોનાઝ શોરૂમમાં વહેલી સવારે ચોરી

## સુરતમાં શ્રદ્ધા કપૂરની જ્વેલરી બ્રાન્ડના શોરૂમમાં ચોરી: શટરનું લોક તોડી તસ્કર ઘૂસ્યો

સુરત

સુરતના પોશ અડાજણ વિસ્તારમાં બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર સાથે જોડાયેલી જ્વેલરી બ્રાન્ડ 'પલમોનાઝ'ના શોરૂમમાં ચોરીની ઘટના સામે આવતા ચકચાર મચી છે. 25 ઓગસ્ટની વહેલી સવારે એક તસ્કર શોરૂમનું શટરનું લોક તોડીને અંદર ઘૂસ્યો હતો. ત્યારબાદ તેણે ડિસ્પ્લેમાં મૂકેલી કિંમતી જ્વેલરી ચોરી કરી ફરાર થઈ ગયો હતો. શોરૂમમાં ચોરીની જાણ થતાં જ અડાજણ




પોલીસની ટીમ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે શોરૂમની તપાસ કરી ચોરીની સમગ્ર ઘટનાના પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, તસ્કર વહેલી સવારે શોરૂમ પાસે પહોંચ્યો હતો. તેણે મુખ્ય શટરનું લોક તોડીને શોરૂમમાં પ્રવેશ કર્યો હતો. અંદર ગયા બાદ તેણે ડિસ્પ્લેમાં રાખેલા કાચના બોક્સ તોડી નાખ્યા અને તેમાં રહેલા દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. ચોરીની સમગ્ર ઘટના શોરૂમમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. ફૂટેજમાં એક શખ્સ શોરૂમમાં પ્રવેશતો અને ચોરી કર્યા બાદ બહાર નીકળતો દેખાઈ રહ્યો છે. પોલીસ હવે CCTV ફૂટેજના આધારે આરોપીની ઓળખ અને તેના સુધી પહોંચવાના પ્રયાસો કરી રહી છે. 'પલમોનાઝ' જ્વેલરી બ્રાન્ડ સાથે અભિનેત્રી શ્રદ્ધા કપૂર સહ-સ્થાપક/પાર્ટનર તરીકે જોડાયેલી હોવાનું જણાવવામાં આવ્યું છે. તેથી આ હાઈપ્રોફાઈલ શોરૂમમાં ચોરી થતાં સમગ્ર વિસ્તારમાં અને વેપારી વર્ગમાં ચર્ચા શરૂ થઈ છે. હાલ પોલીસે ચોરી થયેલા દાગીનાની ચોક્કસ કિંમત અંગે વિગતો એકત્ર કરવાની સાથે આરોપીને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

## તંત્રી લેખ...

# મોદી સરકારે મંત્રીઓના બંગલા ચમકાવવા માટે કરોડો ખર્ચ્યા

દેશની રાજધાની દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓ માટે ફાળવવામાં આવેલા સરકારી બંગલાઓની ભવ્યતા અને તેની પાછળ કરવામાં આવતા સરકારી ખર્ચને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. ક્રિકેટના મેદાન જેટલા વિશાળ કેમ્પસમાં આવેલા કેટલાક સરકારી બંગલાઓમાં રહેવાની સાથે તેમની જાળવણી, સજાવટ અને સુવિધાઓ પાછળ પણ મોટી રકમ ખર્ચાતી હોવાના આંકડા સામે આવ્યા છે. માત્ર કેન્દ્રીય મંત્રીઓ જ નહીં, પરંતુ વરિષ્ઠ ન્યાયાધીશો અને ઉચ્ચ અધિકારીઓ માટે ફાળવવામાં આવેલા સરકારી આવાસોની સુવિધાઓ અને ખર્ચ અંગે પણ સમયાંતરે ચર્ચા થતી રહી છે. આંકડાઓ અનુસાર, છેલ્લા 12 વર્ષ દરમિયાન કેન્દ્રીય મંત્રીઓના સરકારી રહેઠાણોની સજાવટ અને સંબંધિત કામો પાછળ કુલ 547.68 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ આંકડાએ સરકારી નાણાંના ઉપયોગને લઈને ચર્ચાને વધુ વેગ આપ્યો છે. આ માહિતી સામે આવ્યા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા કેન્દ્ર સરકાર પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પાર્ટીનું કહેવું છે કે દેશના સામાન્ય નાગરિકો અને ખાસ કરીને સરકારી શાળાઓ હજુ પણ અનેક મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહી છે, ત્યારે મંત્રીઓના વિશાળ સરકારી બંગલાઓને સુંદર બનાવવા અને તેની જાળવણી પાછળ કરોડો રૂપિયા ખર્ચવા કેટલું યોગ્ય છે તે અંગે સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ. RTI મારફતે પ્રાપ્ત થયેલા આંકડાઓ પ્રમાણે 12 વર્ષના સમયગાળામાં કેન્દ્રીય મંત્રીઓના રહેઠાણોની સજાવટ પાછળ 547.68 કરોડનો ખર્ચ થયો છે. આ ખર્ચમાં સમયાંતરે કરવામાં




આવતી સજાવટ, મરામત, નવીનીકરણ અને રહેઠાણોને જરૂરી સુવિધાઓથી સજ્જ કરવાના વિવિધ કામોનો સમાવેશ થતો હોવાનું જણાવવામાં આવ્યું છે. આંકડાઓનું સૌથી વધુ ધ્યાન ખેંચનાર પાસું એ છે કે છેલ્લા વર્ષમાં જ આ પ્રકારના ખર્ચનો આંકડો આશરે 92 કરોડ સુધી પહોંચી ગયો હતો. તેની સરખામણીમાં વર્ષ 2014-15 દરમિયાન આ ખર્ચ આશરે 27 કરોડ હતો. એટલે કે એક દાયકાથી વધુ સમયગાળામાં આવા ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ વધારા અંગે પ્રશ્ન એ છે કે સરકારી આવાસોની સજાવટ માટે દર વર્ષે વધતી જતી રકમ પાછળ ખરેખર કેટલી જરૂરિયાત છે? શું આ ખર્ચમાં આવશ્યક મરામત અને જાળવણીનો મોટો હિસ્સો છે કે પછી તેમાં વૈભવી સુવિધાઓ અને સૌંદર્યીકરણના કામો પણ સામેલ છે? આ મુદ્દે વધુ પારદર્શિતા જરૂરી હોવાની માંગ ઉઠી રહી છે. દિલ્હીમાં કેન્દ્ર સરકારના અનેક ઉચ્ચ હોદ્દેદારોને વિશાળ સરકારી બંગલાઓ ફાળવવામાં આવે છે. આ બંગલાઓ માત્ર રહેઠાણ પૂરતા મર્યાદિત નથી હોતા, પરંતુ તેમની સાથે મોટા બગીચા, સુરક્ષા વ્યવસ્થા, પાર્કિંગ, સ્ટાફ માટેની વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ પણ જોડાયેલી હોય છે. આવા વિશાળ સરકારી આવાસોની જાળવણી માટે પણ દર વર્ષે મોટી રકમ ખર્ચાય છે. જ્યારે સામાન્ય નાગરિકોને શહેરોમાં મોંઘા રહેઠાણ, વધતી જીવનશૈલીની કિંમત અને મૂળભૂત જાહેર સેવાઓ માટે સંઘર્ષ કરવો પડે છે, ત્યારે સરકારી બંગલાઓ પાછળના કરોડોના ખર્ચનો મુદ્દો સ્વાભાવિક રીતે ચર્ચાનો વિષય બને છે. CJPનું કહેવું છે કે સરકારી નાણાંનો ઉપયોગ લોકોની મૂળભૂત જરૂરિયાતોને પ્રાથમિકતા આપીને થવો જોઈએ. પાર્ટીનો દાવો છે કે મંત્રીઓના બંગલાઓની સજાવટ પાછળ ખર્ચાતી રકમનો એક હિસ્સો પણ જો સરકારી શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવામાં વાપરવામાં આવે તો અનેક શાળાઓમાં વર્ગખંડ, શૌચાલય, પીવાનું પાણી, લાઈબ્રેરી, પ્રયોગશાળા અને અન્ય જરૂરી સુવિધાઓ ઊભી કરી શકાય. સરકારી શાળાઓ માટે નાણાંનો ઉપયોગ કરવાની માંગ દેશમાં શિક્ષણને મજબૂત બનાવવા માટે સરકારો દ્વારા અનેક યોજનાઓ ચલાવવામાં આવે છે. તેમ છતાં, વિવિધ વિસ્તારોમાં સરકારી શાળાઓની ઈમારતો, વર્ગખંડો અને અન્ય મૂળભૂત સુવિધાઓ અંગે પ્રશ્નો ઊઠતા રહે છે. આ પરિસ્થિતિમાં મંત્રીઓના સરકારી બંગલાઓની સજાવટ પાછળ કરોડો રૂપિયાના ખર્ચના આંકડા સામે આવતા વિપક્ષી અને સામાજિક સંગઠનો સરકાર પાસેથી પ્રાથમિકતાઓ અંગે જવાબ માગી શકે છે. CJPનો મુખ્ય તર્ક એ છે કે સરકારનું પ્રથમ કર્તવ્ય જાહેર નાણાંનો ઉપયોગ જનહિત માટે કરવાનો છે. જો કોઈ ખર્ચ અનિવાર્ય હોય તો તેની જરૂરિયાત, પ્રક્રિયા અને પરિણામ અંગે જાહેર માહિતી ઉપલબ્ધ હોવી જોઈએ. ખાસ કરીને જ્યારે ખર્ચ કરોડો રૂપિયામાં થતો હોય ત્યારે પારદર્શિતા અને જવાબદારી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. ખર્ચમાં થયેલા વધારા પર નજર વર્ષ 2014-15માં 27 કરોડના ખર્ચની સરખામણીમાં છેલ્લા વર્ષમાં 92 કરોડનો ખર્ચ નોંધાયો હોવાનું RTIના આંકડાઓમાં જણાવાયું છે. આ તફાવત માત્ર આંકડાકીય વધારો નથી, પરંતુ સરકારના રહેઠાણો પાછળના ખર્ચની પ્રાથમિકતાઓ અંગે ચર્ચા ઉભી કરે છે. જોકે, માત્ર ખર્ચ વધ્યો છે એટલા આધારે તમામ ખર્ચને બિનજરૂરી ગણવો યોગ્ય નથી. મોંઘવારી, બાંધકામ સામગ્રીના ભાવ, મરામત ખર્ચ, સુરક્ષા જરૂરિયાતો અને જૂની ઈમારતોના નવીનીકરણ જેવા પરિબળો પણ ખર્ચમાં વધારો કરી શકે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# લાયન્સ ક્લબ જાવરા આંતરરાષ્ટ્રીય સ્તરે ટોપ-10માં સામેલ, સેવાનું તીર્થધામ છે: વાઈસ પ્રેસિડેન્ટ રોબર્ટ રેથબી

## સ્વિટ્ઝર્લેન્ડથી પધારેલા લાયન્સ ઈન્ટરનેશનલના તૃતીય વાઈસ પ્રેસિડેન્ટે લાયન્સ નેત્ર ચિકિત્સાલયનું નિરીક્ષણ કર્યું

જાવરા

'લાયન્સ ક્લબ જાવરા વૈશ્વિક સ્તરે ટો પ-10 ક્લબોમાં સામેલ છે અને લા યન્સ ઈન્ટરનેશનલમાં તે સેવાના તીર્થધામ તરીકે ઓળખાય છે. અહીંની આધુનિક સુવિધાઓ, અદ્યતન મશીનરી અને દર્દીઓનો સંતોષ જોઈને અત્યંત આનં દની અનુભૂતિ થઈ છે. લાયન્સ ક્લ બ જાવરાના પદાધિકારીઓ દ્વારા સેવા અને સમર્પણ સાથે કરવામાં આવી રહેલું કાર્ય ખૂબ જ પ્રેરણાદાયી છે.'

આ વિચાર લાયન્સ ઈન્ટરનેશનલના તૃ તી ય વાઈસ પ્રેસિડેન્ટ લાયન સી. રોબ ર્ટ રેથબી (સ્વિટ્ઝર્લેન્ડ)એ વ્યક્ત કર્યા હતા. તેઓ પોતાના એક દિવસીય પ્રવાસ દરમિયાન લાયન્સ ક્લબ જાવરા સંચાલિત લાયન્સ નેત્ર ચિકિત્સાલયનું નિરીક્ષણ કર્યા બાદ આયોજિત પારિવારિક સભાને સંબોધિત કરી રહ્યા હતા.

**અતિથિઓ દ્વારા નિરીક્ષણ અને પૂજન**

ક્લબના સેક્રેટરી લાયન સંદીપ રાંકા અને કાર્યક્રમ સંયોજક લાયન ડૉ. શૈલેન્દ્ર પાંડેયે જણાવ્યું કે આ પ્રસંગે ઈન્ટરનેશનલ ડિરેક્ટર એન્ડોર્સી લાયન કુલભૂષણ મિત્તલ, મલ્ટિપલ ચેરપર્સન લાયન પ્રવીણ વશિષ્ઠ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન જયપ્રકાશ ત્રિપાઠી, દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ડૉ. રાજેન્દ્ર સોડાની, પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રાજેન્દ્ર ગર્ગ, લાયન યોગેન્દ્ર રૂણવાલ અને જી-2ના ગવર્નર લાયન મહેશ માલવીય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓએ સૌપ્રથમ હોસ્પિટલ પરિસરમાં સ્થિત શ્રી ગણેશ મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ હોસ્પિટલનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી દાખલ દર્દીઓ સાથે સંવાદ કર્યો હતો.

**પારિવારિક સભા અને સ્વાગત સમારોહ**

સભાની શરૂઆત બંને દેશોના રાષ્ટ્રગીત, લાયન અનિલ ધારીવાલ દ્વારા ધ્વજ વંદના, દીપ પ્રાગટ્ય અને લાયન્સના સંસ્થાપક મેલ્વિન જોન્સની તસવીર પર માલ્યાર્પણ સાથે થઈ હતી. પ્રમુખ લાયન સુધીર જૈને સ્વાગત પ્રવચન આપી ક્લબની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

ઈન્ટરનેશનલ ડિરેક્ટર કુલભૂષણ મિત્તલે જણાવ્યું કે 55 વર્ષ જૂની આ ક્લબ અને 30 વર્ષથી કાર્યરત આ નેત્ર ચિકિત્સાલયને અગાઉ LCIF અને 'સાઈટ ફર્સ્ટ' તરફથી ગ્રાન્ટ મળી ચૂકી છે અને તે લોકસહયોગથી સતત સેવાકાર્યો કરી રહી છે. સભાને જયપ્રકાશ ત્રિપાઠી અને ડૉ. રાજેન્દ્ર સોડાનીએ પણ સંબોધિત કરી હતી. આ દરમિયાન હોસ્પિટલના વિસ્તરણ માટેનો એક પ્રોજેક્ટ રિપોર્ટ સુપરત કરી આંતરરાષ્ટ્રીય અનુદાનની માંગ કરવામાં આવી હતી.

**સન્માન અને ઉપસ્થિતિ**

મુખ્ય અતિથિ રોબર્ટ રેથબી અને વરિષ્ઠ અધિકારીઓનું સ્વાગત પ્રમુખ લાયન સુધીર જૈન, સેક્રેટરી લાયન સંદીપ રાંકા, ટ્રેઝરર લાયન વિપિન ચૌરડિયા, સંયોજક ડૉ. શૈલેન્દ્ર પાંડેય, સ્વાગત સમિતિના ચેરમેન લાયન યશ જૈન સહિત પૂર્વ પ્રમુખો અને સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ જાવરાના દરેક સભ્યે તૃતીય વાઈસ પ્રેસિડેન્ટને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

મુખ્ય અતિથિ દ્વારા ઉત્કૃષ્ટ સેવાઓ બદલ ક્લબ પ્રમુખ સુધીર જૈન અને નેત્ર ચિકિત્સાલયના ચેરમેન પ્રદીપ શર્માનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ પ્રમુખ ડૉ. એચ.એસ. રાઠોડ, કમલ જૈન, રમેશ મહેતા, હરિનારાયણ અરોરા, વિજય પામેચા, રાકેશ એમ. કોચટ્ટા, અનિલ ધારીવાલ, ધરમચંદ ચપડોદ, અનિલ કાલા, સજી વર્ગીસ, અશોક સેઠિયા, રજનીકાંત શાહ, સુજાનમલ કોચટ્ટા, અરુણ સંઘવી, પવન મોદી, ગોપાલ સેઠિયા, એ.એન. પાલીવાલ, ડૉ. સુરેશ મહેતા, દ્વિતીય ઉપપ્રમુખ પંકજ કાંઠેડ, અશોક ચોપરા, સંદીપ દસેડા, સંજય ગોધા, અજય ચૌરસિયા, રાકેશ પી. કોચટ્ટા, વિજય રાઠોડ, મનીષ કોચર, પ્રિન્સ પામેચા, અર્પિત ચતર, રજત સોની, શરદ ડુંગરવાલ, અર્પિત સેઠિયા તેમજ પેટલાવદ, રતલામ, આલોટ અને દેવાસના લાયન સભ્યો તથા હોસ્પિટલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન લાયન પ્રદીપ શર્માએ કર્યું હતું અને આભારવિધિ સં યોજક ડૉ. શૈલેન્દ્ર પાંડેયે કરી હતી. મા હિતી સેક્રેટરી સંદીપ રાંકા દ્વારા આપવામાં આવી હતી.

# અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર આવું થશે! ટ્રમ્પ સરકાર 2 લાખ વિદેશીઓના વિઝા રદ કરવાની તૈયારીમાં

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અમેરિકામાં શરણ (Asylum) માટે અરજી કરનારા અથવા શરણ મેળવવાનો પ્રયાસ કરી રહેલા આશરે 2 લાખ વિદેશી નાગરિકોના બિઝનેસ (B1) અને ટૂરિઝમ (B2) વીઝા રદ કરવા માટેની મોટી તૈયારી કરી રહ્યું છે. જો આ યોજનામાં કોઈ ફેરફાર કે કાનૂની પડકાર નહીં આવે, તો વિદેશ વિભાગ દ્વારા આગામી સપ્તાહોમાં તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી શકે છે. અમેરિકી ઈતિહાસમાં એક જ સમયે આટલી મોટી સંખ્યામાં વીઝા રદ કરવાનો આ સર્વપ્રથમ અને મોટો



કિસ્સો બનશે. 2016 થી 2026 વચ્ચે ઈશ્યૂ થયેલા B1 અને B2 વીઝા નિશાન પર અહેવાલો તેમજ વિદેશ વિભાગના દસ્તાવેજો અનુસાર, આ કડક નિર્ણય હેઠળ વર્ષ 2016 થી 2026 ની વચ્ચે ઈશ્યૂ કરવામાં આવેલા B1 અને B2 વીઝાનો સમાવેશ થાય છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ સાથે મળીને એવા વિદેશીઓની ઓળખ કરવામાં આવી રહી છે. જેઓ ટૂંકા ગાળાના વિઝિટર તરીકે અમેરિકા આવ્યા હતા પરંતુ પાછળથી અહીં કાયમી ધોરણે રહેવા માટે શરણની અરજી દાખલ કરી દીધી હતી. અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે વીઝા રદ થવાનો અર્થ એવો નથી કે તે લોકોને તાત્કાલિક દેશમાંથી હાંકી કાઢવામાં આવશે. જે લોકોના શરણ મેળવવાના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે, તેઓ કાનૂની રીતે તેમના દાવા પર આગળ વધવાનો અધિકાર જાળવી રાખશે. જોકે, તેઓ પોતાનું બિઝનેસ કે ટૂરિઝમ વિઝિટર તરીકેનું સ્ટેટસ ગુમાવી દેશે. ટ્રમ્પ પ્રશાસનના બીજા કાર્યકાળની શરૂઆતથી જ અમેરિકી વીઝા અને ઈમિગ્રેશન નિયમોને અત્યંત કડક બનાવવાના ભાગરૂપે આ પગલું ભરવામાં આવી રહ્યું છે.

# અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા 15% ઘટી

## સખત ઈમિગ્રેશન નીતિઓ વચ્ચે 2025-26માં ઘટાડો; ગયા વર્ષે 3.63 લાખ વિદ્યાર્થીઓ ગયા હતા

અમેરિકામાં 2025-26 સત્રમાં અંડરગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા 15% ઘટી ગઈ છે. આ માહિતી 1,100 થી વધુ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા બિન-લાભકારી સંગઠનના અહેવાલમાં સામે આવી છે. કોમન એપના રિપોર્ટ અનુસાર, 2026-27 શૈક્ષણિક વર્ષમાં અંડરગ્રેજ્યુએટ પ્રવેશ માટે કુલ અરજીઓ વધી છે. જોકે, 1 માર્ચ સુધીમાં આંતરરાષ્ટ્રીય અરજદારોની સંખ્યા 10% ઘટી ગઈ, જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે. રિપોર્ટમાં ભારતમાંથી આવતા અરજદારોની સંખ્યામાં 15% ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારતમાંથી ભણવા જાય છે. અમેરિકન કોલેજોમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ઘટી શકે છે આ પહેલાં શિક્ષકોના એક સંગઠનના અહેવાલમાં જણાવાયું હતું કે કડક વિઝા નિયમો અને નીતિઓ અંગેની અનિશ્ચિતતાને કારણે Fall 2026માં અમેરિકી કોલેજો અને યુનિવર્સિટીઓમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી 1.1 લાખ સુધી ઘટી શકે છે. NAFSA અને રિસર્ચ ફર્મ JB



Internationalના અહેવાલ મુજબ, Fall 2025-26માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી અંદાજિત 11.69 લાખ હતી. આ વર્ષે તે ઘટીને 10.57 લાખ થઈ ગઈ છે. અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓનું 41.77 અબજ ડોલરનું યોગદાન 2024-25 શૈક્ષણિક વર્ષમાં ભારતમાંથી 3.63 લાખથી વધુ વિદ્યાર્થીઓએ અલગ-અલગ કોર્સમાં પ્રવેશ લીધો હતો.

રિપોર્ટ મુજબ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ સ્થાનિક અર્થતંત્રમાં 41.77 અબજ ડોલરનું યોગદાન આપ્યું. 2026-27માં આ આંકડો 38.37 અબજ ડોલર રહેવાનો અંદાજ છે. વિદ્યાર્થી અને વિઝિટર વિઝાના નવા નિયમો જુલાઈમાં અમેરિકી સરકારે નવા નિયમોની જાણકારી આપી હતી. આ નિયમો હેઠળ વિદ્યાર્થી અને વિઝિટર વિઝા માટે સ્ટેટસની પરંપરાગત અવધિ સમાપ્ત કરી દેવામાં આવી છે અને રહેવાની અવધિ ચાર વર્ષ નક્કી કરવામાં આવી છે. ચાર વર્ષની અવધિ સામાન્ય રીતે કોઈ શૈક્ષણિક કોર્સની અવધિ બરાબર હોય છે. અમેરિકા તે વિદેશી વિદ્યાર્થીઓ પર 1 લાખ ડોલરની ફી લગાવવા પર પણ વિચાર કરી રહ્યું છે, જે ગ્રેજ્યુએશન પછી દેશમાં કામ કરવા માટે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામનો ઉપયોગ કરવા માંગે છે.

# અમેરિકી સેનાનું C-17 એરક્રાફ્ટ રશિયામાં લેન્ડ થયું

## રાષ્ટ્રપતિ ટ્રમ્પનાં એરફોર્સ-વન ઓપરેટ કરતાં મિલિટરી બેઝ પરથી ઉડાન ભરી, રશિયા બોલ્યું- અમને ખબર નથી

મોસ્કો

અમેરિકી એરફોર્સનું ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ C-17 ગ્લોબમાસ્ટર મંગળવારે મોસ્કોના એક એરપોર્ટ પર ઉતર્યું. અમેરિકા અને રશિયા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આ અમેરિકી સૈન્ય વિમાનનું રશિયામાં લેન્ડિંગ લોકોને ચોંકાવી રહ્યું છે. ખાસ વાત એ છે કે વિમાને 23 ઓગસ્ટે વોશિંગ્ટન ડીસી નજીક આવેલા જોઈન્ટ બેઝ એન્ડ્રુઝથી ઉડાન ભરી હતી. આ જ તે અમેરિકી સૈન્ય અડ્ડો છે, જ્યાં રાષ્ટ્રપતિના વિમાનો ઊભા રહે છે. તેમાં એરફોર્સ વનનો પણ સમાવેશ થાય છે. વિમાનને મોસ્કો શા માટે મોકલવામાં આવ્યું, તેમાં કોણ સવાર હતું અને કયો સામાન લઈ જવામાં આવ્યો, તેનો જવાબ હજુ મળ્યો નથી. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, રશિયાનું કહેવું છે કે તેને આ વિશે કોઈ જાણકારી નથી. અમેરિકાએ પણ આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. રેકોર્ડ મુજબ, C-17 23 ઓગસ્ટે પહેલા લાતવિયાની રાજધાની રીગા પહોંચ્યું. પછી આજે સવારે લગભગ 9 વાગ્યે મોસ્કો માટે રવાના થયું. તેમાં તેને 74 મિનિટ લાગી. આ ઉડાનની એક બીજી ખાસ વાત એ રહી કે વિમાન રશિયાના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થઈને મોસ્કો પહોંચ્યું. આ પ્લેન RCH4555 નામથી ઉડી રહ્યું હતું. રશિયાએ ભલે કહ્યું હોય કે તેને આ વિમાનની યાત્રાની જાણકારી નથી, પરંતુ નિયમ મુજબ કોઈપણ અમેરિકી સૈન્ય વિમાનને આ રસ્તેથી ઉડાન ભરવા માટે રશિયન અધિકારીઓની મંજૂરી જરૂરી છે. કેટલાક દિવસોથી આવી રહેલા મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથ યુક્રેન યુદ્ધને લઈને રશિયા સાથે અટકેલી વાતચીતને આગળ વધારવા માટે મોસ્કો જઈ શકે છે. અમેરિકા અને યુરોપિયન અધિકારીઓએ રશિયા સમક્ષ રજૂ કરવા માટે એક નવો પ્રસ્તાવ તૈયાર કર્યો છે. અમેરિકા અને રશિયા વચ્ચે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા અંગેની વાતચીત હાલમાં લગભગ ઠપ છે. રિપોર્ટ્સ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પનું ધ્યાન ઈરાન યુદ્ધ તરફ ગયા પછી આ વાતચીતમાં અવરોધ આવ્યો છે. રશિયન મીડિયાના રિપોર્ટ અનુસાર, મોસ્કોની સડકો પર અમેરિકી રાજદ્વારી નંબર પ્લેટવાળી ગાડીઓનો કાફલો જોવા મળ્યો. ભારત પાસે C-17 ગ્લોબમાસ્ટરના 11 વિમાનો છે. ભારતે 2011માં અમેરિકા પાસેથી 10 C-17 ગ્લોબમાસ્ટર III ખરીદવા માટે લગભગ 4.1 અબજ ડોલરનો સોદો કર્યો હતો. પ્રથમ વિમાન જૂન 2013માં ભારત પહોંચ્યું અને બાકીના 10 વિમાનોની ડિલિવરી 2014 સુધીમાં પૂર્ણ થઈ ગઈ. ત્યારબાદ ભારતને 2019માં 11મું C-17 મળ્યું. ખાસ વાત એ છે કે આ વિમાન પહેલેથી જ બનેલું હતું અને બોઈંગ પાસે કોઈ ખરીદદાર વિના રાખેલું હતું. ભારતે તેને પોતાની જરૂરિયાત મુજબ તૈયાર કરાવીને મેળવ્યું. ભારતના તમામ 11 C-17 ગ્લોબમાસ્ટર ભારતીય વાયુસેનાની 81 સ્ક્વોડ્રન 'સ્કાય લોર્ડ્સ'નો ભાગ છે. આ યુનિટનો બેઝ હિંડન એરબેઝમાં છે.

# ફ્રાન્સમાં 117 કિમી પ્રતિ કલાકની ઝડપે ટોર્નેડો આવ્યો

પેરિસ

ફ્રાન્સના એક ગામમાં સોમવારે મોડી રાત્રે 117 કિમી પ્રતિ કલાકની ઝડપે ટોર્નેડો આવ્યો. તેમાં 41 લોકો ઘાયલ થયા અને સેંકડો ઘરોને નુકસાન થયું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટોર્નેડોથી સૌથી વધુ નુકસાન લગભગ 1,000ની વસ્તી ધરાવતા પોમાસ ગામમાં થયું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અહીં લગભગ 300 ઘરોને નુકસાન થયું અને કેટલાક ઘરોની છત સંપૂર્ણપણે ઉડી ગઈ. પરિવહન મંત્રી ફિલિપ તબારોએ જણાવ્યું કે ટ્રેનો મોડી પડી, રસ્તાઓ બંધ કરવા પડ્યા અને એરપોર્ટ પર ફ્લાઈટ્સ રદ થઈ. દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગના ઘણા વિસ્તારોમાં ટોર્નેડોને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. દેશના ઉત્તરમાં આવેલા પેરિસના એરપોર્ટ પર પણ અનેક ફ્લાઈટ્સ રદ થવાની માહિતી આપવામાં આવી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે ઘટનાસ્થળે 120થી



વધુ બચાવકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા. ઘાયલોમાંથી 15 લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ઘાયલોમાં એક ગર્ભવતી મહિલા પણ સામેલ છે. તેના પતિએ એએફપીને જણાવ્યું કે ઘર પડવાથી મહિલા ઘાયલ થઈ હતી. ફ્રાન્સમાં દર વર્ષે 40-50 ટોર્નેડો આવે છે ફ્રાન્સ યુરોપના એવા દેશોમાંનો એક છે જ્યાં ટોર્નેડો આવે છે. ફ્રાન્સમાં દર વર્ષે સરેરાશ 40 થી 50 ટોર્નેડો નોંધાય છે. જોકે, તેમાંથી મોટાભાગના અત્યંત નબળા હોય છે અને ખેતરો અથવા નિર્જન વિસ્તારો સુધી મર્યાદિત રહે છે. ફ્રાન્સમાં વધુ વસ્તીવાળા વિસ્તારો સાથે સીધા ટોર્નેડો અથડાવવાની ઘટના ખૂબ ઓછી જોવા મળે છે. ફ્રાન્સના દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દરિયાકાંઠાના વિસ્તારોમાં ટોર્નેડો અને ભારે વાવાઝોડાથી સૌથી વધુ અસર થાય છે. જાપાન તરફ લગભગ 200 કિમી પ્રતિ કલાકની ઝડપે ડોલ્ફિન વાવાઝોડું આગળ વધી રહ્યું છે. તેના કારણે 2.6 લાખ લોકોને ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ જવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

### ટંકારાની આર્ય વિદ્યાલયમની બસ મીતાણા ઓવરબ્રિજ પાસે બળીને ખાખ

# 47 વિદ્યાર્થી ભરેલી ચાલુ સ્કૂલ બસમાં આગ લાગી

**સમયસૂચકતા વાપરીને બસમાં સવાર તમામ બાળકોને સુરક્ષિત રીતે નીચે ઉતારી દીધા હતા, થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી બસ આગની લપેટમાં આવી ગઈ હતી**



મોરબી

ટંકારા-રાજકોટ હાઈવે પર મીતાણા ઓવરબ્રિજ પાસે આર્ય વિદ્યાલયમની એક સ્કૂલ બસમાં આગ લાગી હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગમાં બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, બસમાં સવાર 47 વિદ્યાર્થીનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ ઘટના બપોરે 12:30 વાગ્યાની આસપાસ બની હતી. આર્ય વિદ્યાલયમની સ્કૂલ બસ (GJ 17 W 4067) ધોરણ 3 થી 11ના વિદ્યાર્થીઓને શાળાએથી તેમના ઘરે પરત મૂકવા જઈ રહી હતી. મીતાણા ગામ પાસેના ઓવરબ્રિજ નજીક પહોંચતા જ બસના વાયરિંગમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. બસના ડ્રાઈવર ચિરાગભાઈ વિનોદભાઈ પારીઆએ તાત્કાલિક બસને રોડ સાઈડમાં ઊભી રાખી હતી. તેમણે સમયસૂચકતા વાપરીને બસમાં સવાર તમામ બાળકોને સુરક્ષિત રીતે નીચે ઉતારી દીધા હતા. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી બસ આગની લપેટમાં આવી ગઈ હતી. ડ્રાઈવર ચિરાગભાઈના જણાવ્યા અનુસાર, બસમાં વીરવાવ, ગણેશપર, મીતાણા અને પ્રભુનગરના કુલ 47 વિદ્યાર્થીઓ સવાર હતા. જેમાં વીરવાવના 17, ગણેશપરના 15 અને મીતાણા તથા પ્રભુનગરના 15 વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

ઘટનાની જાણ થતા જ પોલીસની 112 વાનનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. ડ્રાઈવર અને પોલીસ સ્ટાફ દ્વારા આગને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ આગ એટલી ઝડપથી ફેલાઈ કે બસ સંપૂર્ણપણે બળીને ભસ્મ થઈ ગઈ હતી. જે પૈકીના અંદાજે 17 જેટલા બાળકોને રસ્તામાં તેઓના ઘરે ઉતારી દેવામાં આવ્યા હતા અને 30 જેટલા બાળકો જે વીરવાવ, પ્રભુનગર અને મીતાણા વિસ્તારના હતા તેને મુકવા માટે થઈને બસ જતી હતી ત્યારે, આ દુર્ઘટના બની છે. જોકે બસના ડ્રાઇવરની સમય સૂચકતાના કારણે તાત્કાલિક તમામ બાળકોને નીચે ઉતારી લેવામાં આવતા કોઈ જાનહાની કે કોઈને ઈજા થઈ નથી પરંતુ, જે બસની અંદર આ દુર્ઘટના થઈ છે તેનું નિયમિત રીતે મેન્ટેનન્સ થતું હતું કે કેમ તે બાબતની તપાસ કરવી પણ જરૂરી છે. હાલમાં બનાવ અંગેની ટંકારા પોલીસે નોંધ કરી પોલીસે રાબેતા મુજબની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાતચીત વગર કાર્યવાહી થશે તો ઉગ્ર આંદોલનની ચીમકી

## સુરતના ચોકબજારમાં લારી-ગલ્લા હટાવવા સામે વિરોધ!!

**લારી-ગલ્લા સંગઠને તંત્રની આ કાર્યવાહીને ગેરકાયદેસર ગણાવીને હોકિંગ ઝોન અને જમીનની માલિકી અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે**



સુરત

સુરત શહેરના ઐતિહાસિક ચોકબજાર કિલ્લાના મેદાન વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા દ્વારા લારી-ગલ્લા અને પાથરણાંવાળાઓ સામે હાથ ધરવામાં આવેલી ડિમોલિશનની કામગીરી સામે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

લારી-ગલ્લા સંગઠને તંત્રની આ કાર્યવાહીને ગેરકાયદેસર ગણાવીને હોકિંગ ઝોન અને જમીનની માલિકી અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયા (NASVI)ના એક્ઝિક્યુટિવ સભ્ય શબ્બીર મેમણે આક્ષેપ કર્યો છે કે, તંત્ર દ્વારા સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ 2014ના નિયમોનું ઉલ્લંઘન કરીને નાના વેપારીઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે જ્યાં સુધી ટાઉન વેન્ડિંગ કમિટીની રચના ન થાય અને સંપૂર્ણ સર્વે હાથ ન ધરાય, ત્યાં સુધી કોઈ પણ લારી-ગલ્લા ધારકને હટાવી શકાય નહીં. કાયદાકીય જોગવાઈ મુજબ યોગ્ય હોકિંગ ઝોનમાં વૈકલ્પિક વ્યવસ્થા ફાળવ્યા બાદ જ કોઈ પગલાં લઈ શકાય.

આ મુદ્દે સંગઠને યોગ્ય દસ્તાવેજો અને પુરાવાઓ સાથે સુરતના મેયર, મ્યુનિસિપલ કમિશનર તથા કલેક્ટર સમક્ષ આવેદનપત્ર આપી વિધિવત રજૂઆત કરી છે. સંગઠને તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો વાતચીત કે યોગ્ય પ્રક્રિયા વગર એકતરફી ડિમોલિશન કરવામાં આવશે, તો લારી-ગલ્લા ધારકો પોતાના હક અને રોજીરોટી માટે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

## રાણી તળાવમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જવાથી કરુણ મોત






ઈડર, જાકીર મેમણ

ઈડર શહેરના ઐતિહાસિક રાણી તળાવમાં નાહવા પડેલો યુવક અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થતાં તેનું મોત નીપજ્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને તળાવમાં શોધખોળ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગની ટીમે યુવકનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યો હતો.

બનાવને પગલે રાણી તળાવ ખાતે લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા. સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. સ્થાનિક પોલીસ દ્વારા ઘટનાની વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### રાધનપુરમાં 596 કિલો શંકાસ્પદ મીઠું જપ્ત

## ફૂડ વિભાગે આયોડિનયુક્ત મીઠાની ચકાસણી ડ્રાઇવમાં કાર્યવાહી





પાટણ

પાટણ ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) દ્વારા આયોડિનયુક્ત મીઠાના વપરાશ અંગે જાગૃતિ લાવવા અને બજારમાં મળતા મીઠાની ગુણવત્તા ચકાસવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત રાધનપુર, સાંતલપુર અને વારાહી વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. રાધનપુરમાં એક પેઢીમાંથી આશરે 16,688ની કિંમતનો 596 કિલો શંકાસ્પદ મીઠાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓફિસર એલ. એન. ફોફ અને FSW કેમિસ્ટ દિવ્યાંગ પંડિતે ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (FSW) વાન સાથે સાંતલપુર, વારાહી અને રાધનપુર વિસ્તારમાં આકસ્મિક તપાસ કરી હતી. આ કામગીરીનો મુખ્ય હેતુ લોકોમાં આયોડિન પોષણનું મહત્વ સમજાવવાનો અને વેપારીઓ દ્વારા વેચાતા મીઠામાં આયોડિનનું યોગ્ય પ્રમાણ સુનિશ્ચિત કરવાનો હતો. આ ડ્રાઈવ અંતર્ગત વિસ્તારની 26 કરિયાણાની દુકાનો, હોલસેલ વેપારીઓ અને સ્થાનિક રેસ્ટોરન્ટ્સમાં ઉપલબ્ધ મીઠાના નમૂનાઓની સ્પોટ ટેસ્ટિંગ કિટ દ્વારા સ્થળ પર ચકાસણી કરાઈ હતી. હોટેલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા મીઠાની ગુણવત્તા તપાસવાની સાથે, તમામ વેપારીઓને માત્ર પ્રમાણિત આયોડિનયુક્ત મીઠાનું જ વેચાણ અને વપરાશ કરવાની કડક સૂચના અપાઈ હતી.

## લાખણી- દિયોદર સુજલામ સુફલામ કેનાલમાં પાણી માટે ખેડૂતોનું પ્રદર્શન

**ચોગા પમ્પિંગ સ્ટેશનથી તાત્કાલિક પૂરતું પાણી છોડવા માંગ; મુખ્યમંત્રીની જાહેરાત છતાં છેવાડા સુધી પાણી ન પહોંચ્યું**



થરાદ

વાવ-થરાદ જિલ્લાના લાખણી અને દિયોદર તાલુકાના ખેડૂતોએ સુજલામ સુફલામ કેનાલમાં સિંચાઈનું પાણી ન મળતા વાસણા નજીક કેનાલ પર એકઠા થઈને ઢોલ વગાડી અનોખી રીતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વરસાદ ખેંચાતા અને ભૂગર્ભ જળસ્તર સતત ઊંડા જતાં ખેડૂતો મગફળી સહિતના સુકાઈ રહેલા પાકને બચાવવા માટે તાત્કાલિક પાણી છોડવાની માંગ કરી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 20 ઓગસ્ટથી કેનાલમાં પૂરતું પાણી છોડવાની જાહેરાત કરી હોવા છતાં, તંત્ર અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચ્યું નથી. આથી ખેડૂતોએ ચોગા પમ્પિંગ સ્ટેશનના પંપ શરૂ કરી 24 કલાક સતત પાણી આપવાની કડક માંગ કરી છે. લાખણી અને દિયોદર તાલુકાના મોટી સંખ્યામાં ખેડૂતો વાસણા નજીક સુજલામ સુફલામ કેનાલ પર એકઠા થયા હતા. તેમણે ઢોલ વગાડીને અનોખો રોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન ખેડૂતોએ 'સુજલામ સુફલામ કેનાલ ચાલુ કરો' અને 'જય જવાન, જય કિસાન'ના મોટેથી નારા લગાવી તાત્કાલિક સિંચાઈ માટે પાણી છોડવાની ઉગ્ર માંગ કરી હતી. વિસ્તારમાં વરસાદ ખેંચાતા ખેતીના પાકને સિંચાઈના પાણીની ભારે જરૂરિયાત ઊભી થઈ છે. છેલ્લા 5 દિવસથી કેનાલમાં પાણી બંધ હોવાથી મગફળી સહિતના પાક સુકાઈ રહ્યા છે. જેના કારણે ખેડૂતોમાં ભારે આર્થિક નુકસાન થવાનો ભય વ્યાપી ગયો છે.

### જનતાના સ્વાસ્થ્યની સુખાકારી અર્થે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમો સામે કડક ઝુંબેશ

## દેવગઢ બારિયામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા : 20 પેઢીઓની તપાસ કરી 50 કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો



દેવગઢ બારીયા, જાબીર શુક્લા

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદ દ્વારા જાહેર જનતાના સ્વાસ્થ્યની સુખાકારી અર્થે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ફૂડ સેફ્ટી ઓફિસર આર.એમ.મહેરા દ્વારા દેવગઢ બારિયા ખાતે નગરપાલિકાની ટીમને સાથે રાખીને સઘન સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ કામગીરી દરમિયાન દેવગઢ બારિયા નગરની આશરે ૨૦ જેટલી ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી પેઢીઓની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. તપાસ વેળાએ આરોગ્ય માટે અત્યંત હાનિકારક એવા ૫૦ કિલોગ્રામ જેટલા બળેલા તેલ, ચટણી, પેંડા તેમજ એક્સપાયરી ડેટ વીતી ગયેલી અખાદ્ય સામગ્રી મળી આવી હતી. તંત્ર દ્વારા આ તમામ અખાદ્ય જથ્થાને સ્થળ પર જ જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ખાદ્ય સુરક્ષાના નિયમોનો અનાદર કરનારા વેપારીઓ સામે દંડાત્મક પગલાં ભરી સ્થળ પર જ રૂ. ૭,૫૦૦/- નો દંડ વસૂલ કરાયો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ભવિષ્યમાં જો કોઈ એકમમાં શંકાસ્પદ કે અખાદ્ય સામગ્રી જણાશે, તો કાયદાકીય જોગવાઈઓ મુજબ કડકમાં કડક પગલાં લેવામાં આવશે. તંત્ર દ્વારા તમામ વેપારીઓને જાહેર હિતમાં નિયમોનું ચુસ્તપણે પાલન કરી ગુણવત્તાયુક્ત અને સ્વચ્છ ખાદ્ય પદાર્થોનું જ વેચાણ કરવા અપીલ કરવામાં આવી છે.

## ભરૂચના ઝાડેશ્વરમાંથી 14 વર્ષીય કિશોર ગુમ: જૂના સરદાર બ્રિજ પરથી સાઈકલ મળી, નર્મદા નદીમાં શોધખોળ શરૂ

ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાંથી 14 વર્ષીય કિશોર કાનવ ધીરેન શાહ ગુમ થયો છે. ગઈકાલથી ગુમ થયેલા કિશોરની સાયકલ જૂના સરદાર બ્રિજ પરથી મળી આવતા પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઝાડેશ્વર વિસ્તારની નિજધામ સોસાયટીમાં રહેતો



કાનવ શાહ ગુમ થતા પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન, ઝાડેશ્વર ચોકડી નજીક નેશનલ હાઈવે-48 પર આવેલા જૂના સરદાર બ્રિજ પરથી કાનવની સાયકલ મળી આવી હતી. આ ઘટનાને પગલે કિશોર નર્મદા નદીમાં પડ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આશંકાના આધારે ફાયર વિભાગની ટીમે તાત્કાલિક નર્મદા નદીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ઘટનાની જાણ થતાં સી' ડિવિઝન પોલીસ પણ સ્થળ પર પહોંચી તપાસમાં જોડાઈ છે. પોલીસે નર્મદા મૈયા બ્રિજ સહિત આસપાસના વિસ્તારોના CCTV કેમેરાના ફૂટેજ ચકાસવાની કામગીરી હાથ ધરી છે, જેથી કિશોરની છેલ્લી હિલચાલ અંગે કોઈ કડી મળી શકે.

### 6 સેકન્ડમાં 6 ફટકા માર્યા ને આધેડ ઢળી પડ્યા

## વડોદરામાં લારીનું પૈડું પગ પર ચડાવવા બાબતે ઠપકો આપતાં યુવકનો પાટીયાથી હુમલો

વડોદરા

વડોદરાના માંજલપુર અલવાનાકા વિસ્તારમાં શાકભાજી ખરીદીને પરત ફરી રહેલા 50 વર્ષીય આધેડના પગ પર લારીનું પૈડું ચડી જતાં તેમણે સંભાળીને ચલાવવાનું કહ્યું હતું. આ બાબતે ઉશ્કેરાયેલા લારી ચાલકે મારી નાખવાના ઈરાદે પ્લાયવુડના પાટીયા વડે આધેડના માથામાં છ સેકન્ડમાં ઉપરાઉપરી છ ઘા ઝીંકી દીધા હતા. આધેડ છેલ્લા ઘામાં જમીન પર ઢળી પડ્યાં હતાં અને ગંભીર ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના નિવેદનના આધારે પોલીસે હુમલાખોર સામે ગુનો નોંધ્યો છે.



માંજલપુર ભવાનીનગરમાં રહેતા અને પોર ખાતેની ખાનગી કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા રવિન્દ્રભાઈ હરીભાઈ ગાડે અલવાનાકા શાકમાર્કેટ ખાતેથી શાકભાજી ખરીદીને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન શનિદેવ મંદિરથી ભૈરવનગર તરફ જતા રોડ પર સામેથી આવી રહેલી એક હાથલારીનું પૈડું રવિન્દ્રભાઈના પગ પર ચડી ગયું હતું. રવિન્દ્રભાઈએ લારી ચાલકને સંભાળીને લારી ચલાવવાનું કહેતાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ભૈરવનગરમાં રહેતા પ્રેમદાસ રૂપલાલ ગૌતમ નામના લારી ચાલકે ગાળો બોલી બોલાચાલી શરૂ કરી હતી. રવિન્દ્રભાઈ તેને શાંત પાડવા જતાં આવેશમાં આવેલા પ્રેમદાસે પ્લાયવુડના લાંબા પાટીયા વડે તેમના માથાના ભાગે છ ગંભીર ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં રવિન્દ્રભાઈ ગંભીર રીતે લોહીલુહાણ થતાં તેમના પુત્રના મિત્ર પિયુષ રાજપૂતે તેમને તાત્કાલિક બાઈક પર અલવાનાકાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. હોસ્પિટલમાં આધેડની ફરિયાદના આધારે પોલીસે હુમલાખોર લારી ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

## તળાજાના દકાનાથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાયો, બુટલેગર ફરાર : LCBની ટીમે 38,000ની દારૂની 348 બોટલ કબ્જે કરી



ભાવનગર

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે તળાજા તાલુકાના દકાના ગામે બાતમીના આધારે દરોડો પાડી માતાજીના મંદિર પાછળ બાવળની કાંટમાંથી રૂપિયા 38,010ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ માહિતીના પગલે હાથ ધરાયેલા આ ઓપરેશનમાં દારૂનો ગેરકાયદેસર વેપાર કરતો સ્થાનિક બુટલેગર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

LCBની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે દકાના ગામનો પુના મનાભાઈ મકવાણા નામનો શખ્સ વેણકાના બાવળની કાંટમાં દારૂ રાખીને તેનું વેચાણ કરે છે. આ બાતમીને આધારે દરોડો પાડતાં સ્થળ પરથી જમીનમાં દાટેલી તેમજ કંતાનના કોથળામાં છુપાવેલી અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી કુલ 348 બોટલો મળી આવી હતી.

પોલીસે રૂ. 38,010નો તમામ મુદ્દામાલ કબ્જે કરી ફરાર થઈ ગયેલા પુના મકવાણા વિરુદ્ધ તળાજા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે. હાલ પોલીસે સમગ્ર મુદ્દામાલ તળાજા પોલીસને સોંપીને આરોપીને ઝડપી પાડવા માટે આગળની તપાસ હાથ ધરી છે.



### બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનન પોતના બોલ્ડ અવતારને લઈને ચર્ચામાં

# કૃતિની રક્ષાબંધન એડ પર બબાલ! લોકોએ પૂછ્યું આવી રીતે તહેવાર કોણ મનાવે છે?

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનન પોતના બોલ્ડ અવતારને લઈને ચર્ચામાં છે. પણ એના કરતા વધારે હવે એક જાહેરાતના કારણે વિવાદમાં છે. એક નવી જ્વેલરીની એડમાં તેણે તો ડ્રેસ પહેર્યો છે એના કારણે તેના પર વિવાદ થયો છે. રક્ષાબંધનની થીમ પર ક્રિતી ઓન સ્ક્રિન પોતાના ભાઈને રાખડી બાંધી રહી છે. પણ એડમાં તેણે બ્રાલેટ આઉટફિટ પહેરીને વિવાદ ઊભો કર્યો છે. આના કારણે સોશિયલ મીડિયા પર લોકો એના પ્રત્યે ભડાશ કાઢી રહ્યા છે.

અનેક એવા યુઝર્સનું એવું કહેવું છે કે, રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર આ પ્રકારનો ડ્રેસ યોગ્ય નથી. જ્યારે કેટલાક લોકો આ કર્મશિયલ છે એને લઈને સમર્થન કરી રહ્યા છે. એક જ્વેલરી બ્રાંડની એડ દરમિયાન કૃતિએ બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉસ પહેર્યું અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેર્યું હતું. આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એના કપડા પર લોકો ગુસ્સે થયા છે. યુઝર્સનું એવું કહેવું છે કે,તહેવારને ધ્યાન લઈને કપડાં પહેરવા જોઈએ, વિવાદ દરમિયાન અનેક યુઝર્સે આ વિષયને ધર્મ સાથે જોડી દીધો હતો. લોકોએ એવો સવાલ કર્યો કે, ઈદ કે ક્રિસમસ જેવા ધાર્મિક તહેવારોની એડમાં આ પ્રકારના મોર્ડન લૂકને સ્વીકાર કરવામાં આવે છે ખરો? બીજા કેટલાક લોકોએ કહ્યું કે, માત્ર હિન્દુઓના તહેવાર તથા પરંપરાઓને દેખાડતી વખતે આ પ્રકારની હરકત કરવામાં આવે છે. સોશિયલ મીડિયા પર લોકોએ આખા મુદ્દાને અસંવેદનશીલ મુદ્દો ગણાવીને પરંપરાનું અપમાન ગણાવી દીધું હતું. એક યુઝરે તો ત્યાં સુધી કહી દીધું કે, આ એડની સામે ક્રિતી પર કાયદાકીય પગલાં લેવાય એ પ્રકારનું એક્શન લેવાવું જોઈએ.

એક યુઝરે કહ્યું કે, આ એક કર્મશિયલ છે અને ક્રિતીના કપડાં કોઈ રીતે વાંધાજનક ન હતા. બીજાના આઉટફિટને જજ કરવાનું બંધ કરવું જોઈએ. આ પહેલા તે ફિલ્મ કોકટેલમાં તેના લૂકને લઈને ચર્ચામાં હતી. એ સમયે એના બિકિની અવતાર પર ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા હતા. આ વિવાદ પર હવે મિશ્ર પ્રતિક્રિયા આવી રહી છે. ફિલ્મ હિટ ગયા બાદ ક્રિતીને આ એડ મળી હોવાનું જાણવા મળ્યું છે. આ વીડિયોમાં કૃતિ સેનન રક્ષાબંધનનો તહેવાર ઉજવી રહી છે. જોકે, પૂજા થાળી ક્યાંય દેખાતી નથી.


**કેટલાક લોકો આ કર્મશિયલ છે એને લઈને સમર્થન કરી રહ્યા છે.**

# 32 વર્ષ બાદ ફરી જામશે સલમાન-સંતોષીની જોડી

## આ નવા પ્રોજેક્ટમાં સલમાન ખાન છે અને અક્ષય-કુમાર તથા અજય દેવગન પણ છે

મુંબઈ

ફિલ્મમેકર રાજકુમાર સંતોષીએ પોતાની નવી ફિલ્મને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ પ્રોજેક્ટને લઈને રાજકુમારે કેટલીક મહત્ત્વની ચોખવટ કરી દીધી છે. આ નવા પ્રોજેક્ટમાં સલમાન ખાન છે અને અક્ષય-કુમાર તથા અજય દેવગન પણ છે. સલમાન ખાનને લઈને 32 વર્ષ પછી તે કોઈ કોમેડી ફિલ્મ બનાવી રહ્યા છે. 'ઘાયલ','દામિની' અને 'અંદાજ અપના અપના' જેવી ફિલ્મ બનાવનાર રાજકુમાર સંતોષી પરી કોઈ નવી કોમેડીનો ડોઝ લઈને આવી રહ્યા છે. તાજેતરમાં એમની ફિલ્મ 'બટવારા 1947' રિલીઝ થઈ હતી. રાજકુમાર સંતોષીએ પોતાના એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે, તેઓ સલમાન ખાનને લઈને એક ફિલ્મ બનાવવા માગે છે. આ ફિલ્મ કોમેડી હશે અને સલમાન ખાનની એક અલગ કોમેડી જોવા મળશે. આ માટે સલમાન સાથે વાતચીત ચાલુ છે. વર્ષ 1994માં સલમાન ખાન સાથે તેમણે 'અદાજ અપના અપના' બનાવી હતી. આ ફિલ્મમાંથી પ્રેમનું પાત્ર એના પર ફિટ થયું છે. હવે 32 વર્ષ બાદ ફરી એકવાર સલમાન અને રાજકુમારની જોડી પ્રોજેક્ટ પર ઓનફ્લોર થવાની છે. રાજકુમારે કહ્યું કે, માત્ર સલમાન નહીં અજય દેવગન અને અક્ષય સાથે પણ વાત ચાલુ છે. બધુ ફાઈનલ થશે પછી પ્રોજેક્ટનું નામ અને ફિલ્મનું નામ જાહેર કરાશે. અજય સાથે મેં ચારથી પાંચ ફિલ્મો કરી છે. ઈન્ડસ્ટ્રી અને ઓડિયન્સ આ તમામ લોકોને એક એક્ટર તરીકે સ્વીકારે પણ છે. મને તો દરેક કલાકાર સાથે કામ કરવાનો એક અનોખો અનુભવ રહ્યો છે. એ પછી સની દેઓલ હોય કે અજય દેવગન. આમીર અને સલમાન ખાનની ફિલ્મ અંદાજ અપના અપના 1994માં આવી હતી. જેના દરેક પાત્ર આજે વર્ષો બાદ પણ એટલા જ



# આદિત્ય સીલ-અનુષ્કા રંજનના ઘરે લક્ષ્મીજીઓ પધાર્યા

## કપલે જોડિયા દીકરીઓના નામ રિવીલ કર્યા, એક્ટરે કહ્યું- 'અમારા જીવનમાં રોશની આવી ગઈ'

મુંબઈ

ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2' ફેમ એક્ટર આદિત્ય સીલ અને તેની પત્ની એક્ટ્રેસ અનુષ્કા રંજન જોડિયા દીકરીઓના માતા-પિતા બન્યા છે. અનુષ્કાએ 23 ઓગસ્ટ 2026ના રોજ બે દીકરીઓને જન્મ આપ્યો. કપલે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ માહિતી શેર કરી. તેમણે પોતાની દીકરીઓના નામ 'વીરા રંજન સીલ' અને 'માહી રંજન સીલ' રાખ્યા છે. આદિત્ય સીલે ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ કાર્ડ શેર કરીને ખુશી વ્યક્ત કરી અને બધાનો આભાર માન્યો. આદિત્ય સીલે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દીકરીઓના આગમનની ખુશી વ્યક્ત કરતા લખ્યું, 'મારી સનશાઈન અમારા જીવનને રોશન કરવા આવી ગઈ છે. અમારું હૃદય પ્રેમ અને આભારથી ભરેલું છે. વીરા અને માહી, ટીમ ગર્લ.' કપલે જે કાર્ડ શેર કર્યું છે, તેમાં બે બાળકીઓના ક્યૂટ ઈલસ્ટ્રેશન બનેલા છે. કપલે આ જ વર્ષે પ્રેગ્નન્સીના સમાચાર ચાહકો સાથે શેર કર્યા હતા. મે 2026માં HT સિટીને આપેલા ઈન્ટરવ્યુમાં અનુષ્કા રંજને જણાવ્યું હતું કે, તેમના બાળકનો જન્મ સપ્ટેમ્બરમાં થવાનો હતો. તેણે કહ્યું હતું કે, તેઓ આ સમાચાર શેર કરવામાં થોડા મોડા પડ્યા હતા, કારણ કે તેઓ પોતાને થોડો સમય આપવા માંગતા હતા. લગ્નની જાહેરાત કરવા કરતાં તેઓ આ સમાચાર શેર કરતી વખતે વધુ નર્વસ હતા, પરંતુ મિત્રો અને લોકોના રિએક્શનથી તેઓ ખૂબ જ ભાવુક અનુભવી રહ્યા હતા. અનુષ્કા રંજને પોતાની યુટ્યુબ ચેનલ પર IVF ટ્રીટમેન્ટ વિશે ખૂલીને વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, માતા બનવાની પ્રક્રિયા સરળ નહોતી અને તેને લગભગ 150થી વધુ ઈન્જેક્શન લેવા પડ્યા હતા. અનુષ્કાના મતે, ઈન્જેક્શનના દુખાવાને કારણે તે રડવા લાગતી હતી. અનુષ્કાએ જણાવ્યું કે વર્ષ 2023થી તે ફેમિલી પ્લાનિંગ વિશે વિચારી રહી હતી, ત્યારબાદ પોતાની બહેન આકાંક્ષા રંજનની સલાહ પર તેણે ડોક્ટરનો સંપર્ક કર્યો હતો.





# રાષ્ટ્રગાન વાગતાં જ ભૂમિ પેડણેકરે પોઝ આપવાનું છોડી આપ્યું સન્માન

## એક ગ્લોબલ લેવલ પર ફિલ્મને તૈયાર કરવામાં આવી રહી છે. એટલા માટે અવાજ અને સાઉન્ડ ઈફેક્ટ પર અલગથી કામ કરવામાં આવી રહ્યું છે

મુંબઈ

બોલીવુડની અભિનેત્રી ભૂમિ પેડણેકર આજકાલ સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહે છે, તેમાંય વળી તેને યૂઝર્સ પણ ટ્રોલ કરી રહ્યા છે.


જંતર-મંતર પર કોંક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલનને લઈને પોતાની વાત રજૂ કરવાને કારણે તે ટ્રોલ થઈ હતી, પરંતુ એની પૂરના રાહત કાર્યોમાં ભાગ લેવા પર તેની સરાહના કરવામાં આવી હતી. હવે ફરી એકવાર ભૂમિ પોતાના એક જેસ્ચરને કારણે ચર્ચામા આવી છે. ભૂમિ પેડણેકર હાલમાં જ સર્વોત્તમ નાગરિક સમ્માન 2026માં પહોંચી હતી. રેડ કાર્પેટ પર તે ફોટોગ્રાફર્સ માટે પોઝ આપી રહી હતી, ત્યારે જ બેકગ્રાઉન્ડ પર રાષ્ટ્રગાન જન ગણ મન વાગવા લાગ્યું હતું. અવાજ સાંભળતા જ ભૂમિએ પેપ્સને થોભી જવાનો ઈશારો કર્યો હતો. તે સ્ટેજ પરથી નીચે ઉતરી અને સાવધાનની મુદ્રામાં ઊભા રહીને તેણે રાષ્ટ્રગાનનું સન્માન કર્યું હતું. તેનો આ અંદાજ કેમેરાની સામે રહેવા અને પોતાની એન્ટ્રી જાળવી રાખવા કરતા ઘણું વધારે મહત્વનું હતું. સોશિયલ મીડિયા પર તેનો આ વીડિયો સામે આવતા જ લોકોએ તેના ખૂબ વખાણ કર્યા હતા.

ભૂમિના આ વ્યવહારને ઈન્ટરનેટ યુઝર્સે સરાહના કરી હતી. જેમાં એક યુઝરે લખ્યું કે ફ્રેમની ચિંતા નહીં, કેમેરાનું ઝનૂન નહીં, પહેલા દેશ! બોલીવુડમાં આજકાલ આવા સંસ્કારો ક્યાં જોવા મળે છે? ભૂમીને સલામ. બીજાએ લખ્યું હતું કે તે પ્રસંશાની હકદાર છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ભૂમિએ 'મેરે હસ્બન્ડ કી બીવી', 'ખેલ ખેલ મેં', 'ભક્ષક', 'ધ લેડી કિલર', 'થેંક્યુ ફોર કમિંગ', જેવી ફિલ્મો કરી હતી, પરંતુ આ બધી ફિલ્મોમાં તેની જોઈએ એટલી સફળતા મળી નહોતી. આ વર્ષે તે 'દલદલ' વેબસિરીઝમાં પણ જોવા મળી હતી, જેને ક્રિટિક્સ અને દર્શકો તરફથી મિશ્ર પ્રતિક્રિયા મળી હતી.

# 'બિગ બોસ 20'ની પ્રથમ ટિકિટ કોને મળશે તે ફેન્સ નક્કી કરશે: રિયા આહિર અને લવ ગિલ વચ્ચે ટક્કર

મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન દ્વારા હોસ્ટ કરવામાં આવતો લોકપ્રિય રિયાલિટી શો 'બિગ બોસ' પોતાની 20મી સિઝન સાથે આગામી 6 સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યો છે. શોના લોન્ચિંગ પહેલાં જ નિર્માતાઓએ દર્શકો માટે એક મોટો ટ્વિસ્ટ જાહેર કર્યો છે. આ વખતે બિગ બોસના ઘરમાં પ્રવેશનારી પ્રથમ કન્ટેસ્ટન્ટની પસંદગી સીધી દર્શકોના વોટિંગ દ્વારા કરવામાં આવશે. આ ખાસ ટિકિટ માટે મુંબઈની મોડલ રિયા આહિર અને પંજાબની સોશિયલ મીડિયા સેલિબ્રિટી લવ ગિલ વચ્ચે મુકાબલો છે. દર્શકો JioHotstar એપ પર 2 સપ્ટેમ્બર સુધી



પોતાના મનપસંદ દાવેદારને મત આપી શકશે. કોણ છે રિયા આહિર અને લવ ગિલ? રિયા આહિર (ઉંમર 27 વર્ષ): મુંબઈ સ્થિત મોડલ અને આંત્રપ્રિન્યોર રિયા આહિર NEET વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ વાન રોકતા વાયરલ થયેલા વીડિયોથી ચર્ચામાં આવી હતી. તે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સામાજિક અને રાષ્ટ્રીય મુદ્દાઓ પર અવાજ ઉઠાવવા માટે જાણીતી છે. લવ ગિલ (ઉંમર 29 વર્ષ): પંજાબની લોકપ્રિય સોશિયલ મીડિયા સેલિબ્રિટી, મોડલ અને અભિનેત્રી લવ ગિલ અનેક પંજાબી મ્યુઝિક વીડિયોમાં જોવા મળી ચૂકી છે. તેણે ટીવી સીરિયલ 'તૂ પતંગ મેં ડોર'થી અભિનયની શરૂઆત કરી હતી અને કેટલીક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. Gen-Z દર્શકોને આકર્ષવા માટે મેકર્સે આ વખતે ડિજિટલ સેલિબ્રિટીઝ પર મોટો દાવ લગાવ્યો છે, જેને લઈને સોશિયલ મીડિયા પર ફેન્સ વચ્ચે બંનેના સમર્થનને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. જો બેમાંથી જેને પસંદ ન કરવામાં આવે એનો એક ચાન્સ પહેલેથી જ ખોવાઈ જાય એ બની શકે છે. આથી આ એક માર્કેટિંગ હોય એવું બની શકે છે. શોના નવા પ્રોમોમાં સલમાન ખાને ખુલાસો કર્યો છે કે આ સિઝનમાં 1 નહીં પરંતુ 2 અલગ-અલગ ઘરો બનાવવામાં આવ્યા છે. આ સાથે જ તેણે સંકેત આપ્યો હતો કે ઘરની બહાર થઈ ગયેલા સ્પર્ધકોને બીજી તક આપીને ફરીથી બિગ બોસ 20ના ઘરમાં લાવવામાં આવી શકે છે.

પાક્કો ગુજરાત

બુધવાર | 26 ઓગસ્ટ 2026 | અમદાવાદ

## ભારત હજુ પણ 238 રનથી આગળ, માનવ-પ્રસિદ્ધે 3-3 વિકેટ લીધી; સ્કોર 265/8

# વરસાદના કારણે ત્રીજા દિવસની રમત વહેલી પૂરી થઈ:શ્રીલંકા પર ફોલોઓનનું જોખમ

કોલંબો

કોલંબો ટેસ્ટમાં શ્રીલંકા પર ફોલોઓનનું સંકટ તોળાઈ રહ્યું છે. ટીમને આ ટાળવા માટે વધુ 38 રન બનાવવાના છે. તેણે ભારત સામે પહેલી ઈનિંગમાં 264 રન પર 8 વિકેટ ગુમાવી દીધી છે. ભારતે પહેલી ઈનિંગમાં 503 રન બનાવ્યા હતા.

વરસાદના કારણે મંગળવારે ત્રીજા દિવસની રમત વહેલી પૂરી થઈ ગઈ. સોનલ દિનૂષા 85 અને લાહિરુ કુમારા 8 રન પર અણનમ પરત ફર્યા. પસિન્દુ સૂરિયાબંડારાએ 80 રનની ઈનિંગ રમી, જેને રવીન્દ્ર જાડેજાએ બોલ્ડ કર્યો હતો. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્ના અને માનવ સુથારે 3-3 વિકેટ લીધી. જ્યારે રવીન્દ્ર જાડેજા અને મોહમ્મદ સિરાજને એક-એક વિકેટ મળી. 82 ઓવરની રમત પૂરી થયા બાદ અમ્પાયર અહસાન રઝાએ રોશનીની સ્થિતિ ચકાસી. કુમારાએ સંકેત આપ્યો કે તેને પ્રસિદ્ધ ક્રિષ્નાનો બોલ સ્પષ્ટ દેખાતો ન હતો. આ કારણે થોડીવાર માટે રમત રોકવામાં આવી. હાલમાં રોશની મેચ ચાલુ રાખવા માટે યોગ્ય જણાઈ રહી છે. ભારતીય કેપ્ટને સારાંશ જૈનને બોલિંગમાં લગાવી દીધો છે, કારણ કે અમ્પાયરે ઓછી રોશનીમાં એક્સપ્રેસ ફાસ્ટ બોલર્સથી બોલિંગ ન કરાવવા માટે કહ્યું છે. શ્રીલંકન ઈનિંગમાં 80 ઓવરની રમત પૂરી થયા બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે બીજો નવો બોલ લીધો છે. શ્રીલંકાએ પહેલી ઈનિંગમાં 250 રનનો આંકડો પાર કરી લીધો છે. લાહિરુ કુમારાએ રવીન્દ્ર જાડેજાના ઓવરના છેલ્લા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. આ જ ચોગ્ગા સાથે ટીમ 250 પાર પહોંચી ગઈ. જાડેજાના આ ઓવરમાં સોનલ દિનૂષાએ પણ બે ચોગ્ગા ફટકાર્યા. 69મી ઓવરમાં શ્રીલંકાએ આઠમી વિકેટ ગુમાવી દીધી. માનવ સુથારે કેશારા નુવાંથાને સારાંશ જૈનના હાથે કેચ કરાવ્યો.




## શ્રીલંકા સીરિઝ વચ્ચે 'DSP' મોહમ્મદ સિરાજનો ચોંકાવનારો ઘટસ્ફોટ

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે પોતાના પ્રારંભિક ક્રિકેટ કરિયર અને સંઘર્ષના દિવસોને લઈને એક અત્યંત ચોંકાવનારો અને ભાવુક ખુલાસો કર્યો છે. હાલ શ્રીલંકા સામે કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) ખાતે ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચ દરમિયાન એક ખાસ વાતચીતમાં સિરાજે જણાવ્યું હતું કે અંડર-23 ટીમની સિલેક્શન મેચ દરમિયાન તેની સાથે એક એવો ગંભીર બાઈક અકસ્માત સર્જાયો હતો, જેમાં તેનો જીવ પણ જઈ શકતો હતો.

શ્રીલંકા સામેની આ ટેસ્ટ શ્રેણીમાં મોહમ્મદ સિરાજ શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. ગાલે ખાતે રમાયેલી શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં સિરાજે ધારદાર બોલિંગ કરતા કુલ 5 વિકેટ ઝડપીને ભારતીય ટીમને 165 રનથી ભવ્ય વિજય અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાઈક સ્લિપ થઈ અને લોહીલુહાણ હાલત: સિરાજે વર્ણવી ઘટના મોહમ્મદ સિરાજે પોતાના સંઘર્ષના દિવસોને યાદ કરતાં જણાવ્યું કે, જ્યારે હૈદરાબાદ અંડર-23 ટીમ માટે મહત્ત્વની સિલેક્શન મેચ રમાવાની હતી ત્યારે તે પોતાની બાઈક લઈને મેદાન તરફ નીકળ્યો હતો. રસ્તામાં અચાનક તેની બાઈક સ્લિપ થઈ ગઈ હતી અને તે રસ્તા પર જોરથી પટકાયો હતો.

### ઈસ્ટ ઝોને પહેલી ઈનિંગમાં 467 રન બનાવ્યા

## વૈભવ બેટિંગમાં ફ્લોપ, બોલિંગમાં તબાહી મચાવી, 4 બોલમાં 2 વિકેટ ઝડપી

નવી દિલ્હી

દુલીપ ટ્રોફી 2026ની ક્વાર્ટર ફાઈનલમાં 15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ 4 બોલમાં 2 વિકેટ લીધી. ઈસ્ટ ઝોન તરફથી રમી રહેલા વૈભવે નોર્થ ઈસ્ટ ઝોનની બીજી ઈનિંગ્સમાં એક જ ઓવરમાં 2 બેટર્સને પેવેલિયન ભેગા કર્યા. તેણે પોતાની બીજી ઓવરના બીજા બોલ પર કિશન લિંગદોહ અને પાંચમા બોલ પર ઈમલીવાતી લેમટૂરને આઉટ કર્યા. વૈભવે કુલ 3 ઓવર બોલિંગ કરી અને 11 રન આપીને 2 વિકેટ લીધી. તે બેટિંગમાં માત્ર 8 રન જ બનાવી શક્યો હતો. ઈસ્ટ ઝોને આ મેચમાં નોર્થ ઈસ્ટ ઝોનને ઈનિંગ્સ અને 210 રનથી હરાવ્યું. હવે ટીમ સેમિફાઈનલમાં સેન્ટ્રલ ઝોન સામે 30 ઑગસ્ટે રમશે. વૈભવે નોર્થ ઈસ્ટ ઝોનની બીજી ઈનિંગ્સની 28મી ઓવરમાં બોલિંગ કરી. ઓવરના બીજા બોલ પર કિશન લિંગદોહે મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ તેના બેટનો યોગ્ય સંપર્ક કરી શક્યો નહીં અને સબસ્ટિટ્યુટ ફિલ્ડર દાનિશ દાસે કેચ પકડ્યો. કિશન આઉટ થયા પછી ઈમલીવાતી લેમટૂર બેટિંગ કરવા આવ્યો. તેણે પહેલા જ બોલ પર ચોગ્ગો ફટકાર્યો. પરંતુ વૈભવે પાંચમા બોલ પર તેને પણ આઉટ કર્યો. લેમટૂરનો કેચ વિકેટકીપર ઈશાન કિશને પકડ્યો. વૈભવે અત્યાર સુધી 3 ઓવર બોલિંગ કરી છે અને 11 રન આપીને 2 વિકેટ લીધી છે. તે ઈસ્ટ ઝોનનો વાઈસ-કેપ્ટન પણ છે. વૈભવ આ મેચમાં બેટિંગમાં કંઈ ખાસ કરી શક્યો નહીં. ઈસ્ટ ઝોનની પહેલી ઈનિંગ્સમાં તે 6 બોલમાં 8 રન બનાવીને આઉટ થયો. તેની નાની ઈનિંગ્સમાં બે ચોગ્ગા સામેલ હતા. જોકે તેની ટીમે પ્રથમ ઈનિંગ્સમાં મોટો સ્કોર બનાવ્યો હતો. ઈસ્ટ ઝોને 467 રન બનાવ્યા. બંગાળના સુદીપ કુમાર ઘરામી અને શાહબાઝ અહેમદે સદી ફટકારી, જ્યારે ઝારખંડના વિકેટકીપર-બેટર કુમાર કુશાગ્રએ 55 રનની ઈનિંગ્સ રમી.

# ભારત હોકી વર્લ્ડકપની સેમિફાઇનલ રેસમાંથી બહાર

### કોલકાતા સ્ટેડિયમ પર સવાલ, 6 ઓક્ટોબરે કેપ વર્ડે સામે મેચની પણ તૈયારી

મુંબઈ

ભારતીય પુરુષ ટીમ હોકી વર્લ્ડ કપની સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. તેને એમ્સટેલવીનના વેગનર સ્ટેડિયમમાં સોમવારે આર્જેન્ટિનાએ 5-3થી હરાવ્યું. ભારતને સેમિફાઈનલની આશા જાળવી રાખવા માટે આર્જેન્ટિનાને ઓછામાં ઓછા 2 ગોલથી હરાવવું જરૂરી હતું. પરંતુ ખરાબ ડિફેન્સના કારણે આર્જેન્ટિનાએ મેચ પર કબજો કરી લીધો. ભારતે 5 મેચમાં 16 ગોલ ખાધા. આર્જેન્ટિના સામે મજબૂત પરિણામની જરૂરિયાતવાળી આ ટુર્નામેન્ટમાં ભારતીય ડિફેન્સની નબળાઈઓ ટીમ પર ભારે પડી. ભારત હવે 7મા અને 8મા સ્થાન માટે રમાનારી ક્લાસિફિકેશન મેચમાં બેલ્જિયમ સામે રમશે. એક દિવસ પહેલા ભારતીય મહિલા ટીમ ઓસ્ટ્રેલિયા સામે ગોલરહિત ડ્રો પછી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. આર્જેન્ટિનાએ પહેલી મિનિટમાં લીડ લીધી આર્જેન્ટિનાએ પ્રથમ મિનિટમાં જ જોઆક્વિન ટોસ્કાનીએ ફિલ્ડ ગોલ કરીને ટીમને 1-0થી આગળ કરી દીધી. છઠ્ઠી મિનિટમાં નિકોલસ ડેલા ટોરેએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને લીડ 2-0 કરી દીધી.

ભારત તરફથી સુખજીત સિંહે 10મી મિનિટમાં ફિલ્ડ ગોલ કર્યો. આનાથી ભારતને વાપસીની આશા જાગી અને સ્કોર 1-2 થઈ ગયો. હાફ ટાઈમ સુધી ભારત 1-2થી પાછળ હતું. આર્જેન્ટિનાએ બીજા હાફમાં સરસાઈ વધારી 33મી મિનિટે ટોમસ ડોમેને ગોલ કરીને આર્જેન્ટિનાની સરસાઈ ફરી 2 ગોલની કરી દીધી. તેણે 45મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને સ્કોર 4-1 કરી દીધો. 53મી મિનિટે લુકાસ ટોસ્કાનીએ આર્જેન્ટિનાનો પાંચમો ગોલ કર્યો. આ પછી ભારત સામે વાપસી કરવા માટે 4 ગોલ કરવાનો પડકાર હતો. અંતિમ મિનિટોમાં ભારતે 2 ગોલ કર્યા ભારતે અંતિમ મિનિટોમાં વાપસી કરવાનો પ્રયાસ કર્યો. સુખજીત સિંહે 58મી મિનિટે પોતાનો બીજો ગોલ કર્યો, જ્યારે તેના એક મિનિટ પછી હાર્દિક સિંહે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને સ્કોર 3-5 કર્યો. ફાઈનલ હૂટર પહેલાં હરમનપ્રીત સિંહના પગ પર બોલ વાગ્યા બાદ ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો. જોકે, હરમનપ્રીતનો ડ્રેગ-ફ્લિક બચાવી લેવામાં આવ્યો અને ભારતનું વર્લ્ડ કપ અભિયાન સમાપ્ત થયું. 1975 પછી ભારત મેડલ જીતી શક્યું નહીં ભારતે પુરુષ હોકી વર્લ્ડ કપ માત્ર એક જ વાર જીત્યો છે.






### ડેટા ચોરી અને ભારે વ્યાજ વસૂલવાની ફરિયાદ પર કાર્યવાહી

# ગૂગલે પ્લે સ્ટોર પરથી હટાવ્યા 3 નકલી લોન એપ્સ

મુંબઈ

ગૃહ મંત્રાલયની ફરિયાદ પર ગૂગલે વધુ 3 નકલી લોન એપ્સને પ્લે સ્ટોર પરથી હટાવી દીધી છે. આ મહિને અત્યાર સુધીમાં આવી 9 છેતરપિંડી કરતી એપ્સ બંધ કરવામાં આવી છે. આ એપ્સ માત્ર તમારી અંગત માહિતી જ ચોરતી નથી, પરંતુ લોન આપ્યા પછી ખૂબ ઊંચું વ્યાજ માગે છે અને હેરાન કરે છે. ગૃહ મંત્રાલયની સાયબર સુરક્ષા ટીમ (I4C)એ 19 ઓગસ્ટે ગૂગલને નોટિસ મોકલીને 3 નકલી લોન એપ્સને તાત્કાલિક હટાવવા જણાવ્યું હતું. આ 3 એપ્સના નામ છે: હોરાઈઝન કેશ સર્વિસ, મની સ્કોર મોનિટર અને જેલીક્રેડિટ. આરોપ છે કે આ એપ્સ ઓછા વ્યાજે 5 મિનિટમાં લોન આપવાની લાલચ આપીને લોકોને ફસાવતી હતી અને પછી તેમની પાસેથી ભારે વ્યાજ અને પેનલ્ટી વસૂલતી હતી. જેમ જ કોઈ યુઝર આ એપ્સને ફોનમાં ડાઉનલોડ કરતો હતો, આ એપ્સ ચૂપચાપ ફોનની સંપૂર્ણ માહિતી ચોરી લેતા હતા. આમાં ઓળખપત્ર, બેંક ખાતા સંબંધિત માહિતી, ફોનમાં રહેલી કોન્ટેક્ટ લિસ્ટ (સંબંધીઓ અને મિત્રોના નંબર), ફોટો ગેલેરી અને કેમેરાનો એક્સેસ શામેલ છે. બાદમાં આ ઠગો આ જ માહિતીનો ઉપયોગ કરીને લોકોને બ્લેકમેલ કરતા હતા. સરકારી એજન્સીએ ગૂગલને નોટિસ મળ્યાના માત્ર 3 કલાકની અંદર આ ત્રણેય એપ્સને પ્લે સ્ટોર પરથી હટાવવાનો આદેશ આપ્યો હતો. આ કાર્યવાહી સૂચના પ્રૌદ્યોગિકી કાયદાની કલમો હેઠળ કરવામાં આવી છે. ગૂગલે સરકારના આદેશને તરત જ માન્ય રાખીને આ ત્રણેય એપ્સને પ્લે સ્ટોર પરથી હટાવી દીધા છે.




### 100% લોટ લખવા બદલ FSSAIએ નોટિસ મોકલી હતી


# આશીર્વાદ લોટનું લાઇસન્સ રદ કરવા પર હાઇકોર્ટનો સ્ટે, 9 સપ્ટેમ્બરે આગામી સુનાવણી

**ITC તેના પેકેટ અને પ્રમોશનમાં 100% લોટ જેવા લેબલનો ઉપયોગ કરી રહ્યું હતું. FSSAIનું માનવું છે કે આવા લેબલનો ઉપયોગ તેની મે 2025ની એડવાઇઝરીના નિયમો વિરુદ્ધ છે**

નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે આજે 25 ઓગસ્ટના રોજ આશીર્વાદ લોટનું લાઈસન્સ રદ કરવાના FSSAIના નિર્ણય પર વચગાળાનો સ્ટે આપ્યો છે. આ મામલો ITCના 'આશીર્વાદ MP ચક્કી આટા'ના પેકિંગ સાથે જોડાયેલો છે. ITC તેના પેકેટ અને પ્રમોશનમાં 100% લોટ જેવા લેબલનો ઉપયોગ કરી રહ્યું હતું. FSSAIનું માનવું છે કે આવા લેબલનો ઉપયોગ તેની મે 2025ની એડવાઈઝરીના નિયમો વિરુદ્ધ છે.

દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ સ્વર્ણા કાંતા શર્માએ FSSAIને નિર્દેશ આપ્યો છે કે તે ITC લિમિટેડના ફૂડ બિઝનેસ લાઈસન્સ રદ કરવાના સંબંધમાં હાલમાં કોઈ નિર્ણય ન લે. ITCએ કોર્ટને જણાવ્યું હતું કે FSSAI દ્વારા 13 ઓગસ્ટના રોજ જારી કરાયેલી ઈમ્પ્રૂવમેન્ટ નોટિસના પાલનની અંતિમ તારીખ 28 ઓગસ્ટના રોજ પૂરી થઈ રહી હતી. જો કોર્ટમાંથી રાહત ન મળે તો કંપનીના લાઈસન્સ પર તલવાર લટકી શકતી હતી. તેથી કોર્ટે 28 ઓગસ્ટ પહેલા જ વચગાળાનું સંરક્ષણ આપી દીધું. આ મામલો ITCના મુખ્ય ઉત્પાદન 'આશીર્વાદ એમપી ચક્કી આટા'ના પેકિંગ અને તેની જાહેરાતો સાથે સંબંધિત છે. ITC તેના પેકેટ અને પ્રમોશનમાં ત્રણ મુખ્ય દાવા કરે છે: 100% લોટ, 100% મધ્ય પ્રદેશ ઘઉં, 0% મેંદો, FSSAIનું માનવું છે કે '100%' જેવા શબ્દોનો લેબલ પર ઉપયોગ તેની મે 2025ની એડવાઈઝરીના નિયમો વિરુદ્ધ છે. FSSAI એ મે 2025 માં એક એડવાઈઝરી બહાર પાડી હતી. તેમાં ખાદ્ય કંપનીઓને ઉત્પાદનના લેબલ, પેકેજિંગ અને પ્રચાર સામગ્રીમાં '100%' શબ્દનો ઉપયોગ બંધ કરવા જણાવ્યું હતું. FSSAIની દલીલ છે કે આવા દાવા ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે. FSSAI એ સૌ પ્રથમ 10 ઓગસ્ટે ITC ને 'કારણદર્શક નોટિસ' જારી કરી. તેમાં 30 દિવસની અંદર જવાબ માંગવામાં આવ્યો. જોકે, તેના માત્ર 3 દિવસ પછી જ 13 ઓગસ્ટે FSSAI ની પ્રાદેશિક ઓથોરિટીએ એક 'ઈમ્પ્રુવમેન્ટ નોટિસ' જારી કરી અને ITC ને પાલન માટે 15 દિવસનો સમય આપ્યો.




### સોના-ચાંદીના ભાવમાં વધઘટ જોવા મળી

# સોનું ₹190 વધીને ₹1.62 લાખ પર પહોંચ્યું:ચાંદી ₹1,945 સસ્તી થઈને ₹2.43 લાખ પર આવી

મુંબઈ

સોનાની કિંમતોમાં 25 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 190 રૂપિયા વધીને 1.62 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત 1,945 રૂપિયા ઘટીને 2.43 લાખ રૂપિયા થઈ ગઈ. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 29 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.62 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.43 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી. કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો જેવી કે આરબીઆઈનો પણ ટેકો છે, જે સતત સોનું ખરીદી રહી છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલ જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.




# સેન્સેક્સ 287 અંક વધીને 77,656 પર બંધ

- **નિફ્ટી પણ 116 અંક ઉપર 24,335 પર પહોંચ્યો, IT અને ફાર્મા શેર્સમાં વધુ ખરીદી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 25 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 287 પોઈન્ટના વધારા સાથે 77,656 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 116 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,335 પર બંધ થયો. IT અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી. અન્નૂ પ્રોજેક્ટ્સનો IPO આજથી ખુલ્યો અન્નૂ પ્રોજેક્ટ્સનો IPO આજથી ખુલી ગયો છે. કંપની આ દ્વારા 175.06 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ IPOમાં 28 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકાશે. એશિયન બજારોમાં આજે મિશ્ર કારોબાર રહ્યો. 28 ઓગસ્ટે ESDS સોફ્ટવેર સોલ્યુશનનો IPO ખુલશે

ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડનો IPO 28 ઓગસ્ટે ખુલશે. કંપની આ દ્વારા 720 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. કંપનીએ IPO માટે શેરનો પ્રાઈસ બેન્ડ 408 રૂપિયાથી 429 રૂપિયા નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 34 શેર માટે 14,586 રૂપિયાથી બોલી લગાવી શકશે. આ IPO 1 સપ્ટેમ્બરે બંધ થશે. ગઈકાલે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગઈકાલે એટલે કે 24 ઓગસ્ટે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 172 પોઈન્ટના ઘટાડા સાથે 77,369 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 33 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,219 પર બંધ થયો હતો.

## નાના ચિલોડા વિસ્તારમાં મ્યુનિ. તંત્રના નામે કોણ ખેલ કરી ગયું તેની તપાસ થશે ખરી?

# AMCમાં કોંગ્રેસ દ્વારા નકલી ડિમોલિશનના મુદ્દે સૂત્રોચ્ચાર સાથે વિરોધ

- ખાનગી સિક્યુરિટી એજન્સીના માણસોએ AMCના કહેવાથી તોડીએ છીએ કહેલું
- ગણતરીના સમયમાં દુકાનો તોડીને જગ્યા ખુલ્લી કરી ત્યાં બાઉન્સર ગોઠવી દેવાયેલા



અમદાવાદ

અમદાવાદના નાના ચિલોડા વિસ્તારમાં થયેલા ભૂતિયા ડિમોલીશન મામલાની અસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જનરલ બોર્ડની બેઠક પૂર્વે પણ જોવા મળી છે. કોંગ્રેસના કોર્પોરેટરોએ નકલી ડિમોલિશનના મુદ્દે વિરોધ નોંધાવ્યો અને સૂત્રોચ્ચાર કર્યા છે. કોંગ્રેસ દ્વારા આ ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માગ સાથે આક્ષેપો કરવામાં આવ્યા છે.

હાલ એક તરફ AMC દ્વારા કોર્પોરેશનનો કોઈ રોલ ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ વિપક્ષે ઘટનાની જવાબદારી નક્કી કરવા અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ કરી છે. પોલીસ ફરિયાદ બાદ હવે તપાસમાં સમગ્ર ઘટનાની હકીકત સામે આવે તેવી શક્યતા છે.

સુરત બાદ હવે અમદાવાદમાં પણ નકલી ડિમોલિશન પકડાયું છે. અમદાવાદના નાના ચિલોડા વિસ્તારમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન મામલે હવે પોલીસ ફરિયાદ નોંધાતાં ઉહાપોહ મચી ગયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નામ લઈને ડિમોલિશનની કાર્યવાહી કરાઈ હોવાના આક્ષેપ વચ્ચે નરોડા પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે ગુનો નોંધાયો છે. બીજી તરફ AMCના TP કમિટી ચેરમેન ભાગ્યેશ પટેલે સ્પષ્ટતા કરી છે કે આ ઘટનામાં કોર્પોરેશનનો કોઈ રોલ નથી. TP કમિટી ચેરમેન ભાગ્યેશ પટેલે જણાવ્યું કે નાના ચિલોડાની ઘટનાને લઈને કોર્પોરેશનને બદનામ કરવામાં આવી રહ્યું છે. તેમના જણાવ્યા મુજબ, ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સમગ્ર મામલો સામે આવ્યો છે.

વીડિયો સામે આવ્યા બાદ કોર્પોરેશન દ્વારા આ મામલે ફરિયાદ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું. ભાગ્યેશ પટેલના જણાવ્યા પ્રમાણે સમગ્ર ઘટના ખાનગી પ્લોટમાં બની છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ડિમોલિશન અંગેની AMCની નિયમિત પ્રક્રિયામાં સૌપ્રથમ સંબંધિત વ્યક્તિને નોટિસ આપવામાં આવે છે. નોટિસ આપ્યા બાદ જ નિયમ મુજબ ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું કે AMC દ્વારા કરવામાં આવતી ડિમોલિશન કાર્યવાહી દરમિયાન સંબંધિત તમામ અધિકારીઓને તેની જાણ હોય છે. નાના ચિલોડાની ઘટનામાં આવી કોઈ સત્તાવાર પ્રક્રિયા કરવામાં આવી નહોતી.

**AMCના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા તપાસ થઈ |** ચેરમેનના જણાવ્યા મુજબ, ઘટનાસ્થળે સિક્યુરિટી સાથે બોલાચાલી થયા બાદ સિક્યુરિટીએ કેટલાક લોકોના નામ આપ્યા છે. તેમણે જણાવ્યું કે રાજપુત સિક્યુરિટી એન્ડ એજન્સી સાથે સંકળાયેલા લોકો ત્યાં બેઠા હતા. ત્યારબાદ સિક્યુરિટીના વીડિયો વાયરલ થયા અને ઘટનાની વિગતો બહાર આવી. ઘટના સામે આવ્યા બાદ AMCના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી છે તપાસ દરમિયાન આ ડિમોલિશન કામગીરીમાં AMCના અધિકારીઓની સંડોવણી હોવાના કોઈ આધાર ન હોવાનું કોર્પોરેશન તરફથી જણાવાયું છે.

**જનરલ બોર્ડ પૂર્વે કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા જોરદાર વિરોધ |** આ મામલાની અસર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની જનરલ બોર્ડની બેઠક પૂર્વે પણ જોવા મળી છે. કોંગ્રેસના કોર્પોરેટરોએ નકલી ડિમોલિશનના મુદ્દે વિરોધ નોંધાવ્યો અને સૂત્રોચ્ચાર કર્યા છે. કોંગ્રેસ દ્વારા આ ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માગ સાથે આક્ષેપો કરવામાં આવ્યા છે. હાલ એક તરફ AMC દ્વારા કોર્પોરેશનનો કોઈ રોલ ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ વિપક્ષે ઘટનાની જવાબદારી નક્કી કરવા અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ કરી છે.

**આખરે બે શખ્સો સામે નરોડા પોલીસમાં ફરિયાદ નોંધાઈ |** નાના ચિલોડાના વિવાદાસ્પદ ડિમોલિશન મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં રાજેશ અને કમલ નામના બે શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. આ બંને શખ્સોએ AMCનું નામ ખોટી રીતે લીધું હોવાનો આક્ષેપ છે. AMCના અધિકારીઓ દ્વારા જ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નરોડા પોલીસ સ્ટેશનના PI બી.એમ. કાતરિયાએ પણ સ્પષ્ટતા કરી છે કે જે ડિમોલિશનની ઘટના બની તેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો કોઈ અધિકારી હાજર નહોતો. પોલીસ હવે સમગ્ર મામલે ફરિયાદના આધારે વધુ તપાસ કરી રહી છે.

## તકતીમાં રસ્તો મંજૂર કરનાર અધિકારી અને નેતાઓની વિગત પણ મુકો

# રસ્તા મંજૂર કરે કોર્પોરેશન, ખરાબ બને તો જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે!!



**રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટરની અને રસ્તાના કામની તમામ વિગતો રસ્તાની બાજુમાં તકતી પર મુકાશે,રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે શાસકો બધુ કોન્ટ્રાક્ટર પર થોપીને જવાબદારીથી છટકવા માગે છે**

અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓએ રસ્તાના કામમાં થતી ગેરરીતિ અને ભ્રષ્ટાચાર મામલે હાથ અધ્ધર કરી દીધા હોય તેમ રસ્તાની ગુણવત્તા અંગે વિજિલન્સ વધારવાને બદલે અને શરતો કડક બનાવવાને બદલે કોન્ટ્રાક્ટરના નામની તકતી મુકવાનો નિર્ણય લીધો છે. આ તકતીમાં રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટરની તમામ વિગતો હશે પણ કોન્ટ્રાક્ટરને કામ આપનાર કે કામ મંજૂર કરનાર મ્યુનિસિપલ કોર્પોરેશનના જેતે વિસ્તારના કોર્પોરેટર કે મ્યુનિસિપલ કોર્પોરેશનની કામ મંજૂર કરનાર કમિટીના ચેરમેન વગેરેનો કોઇ ઉલ્લેખ હશે કે કેમ તે અંગે મ્યુનિ. શાસકો કોઇ વિગતવાર ખુલાસો કરવા તૈયાર નથી.

નોંધનીય છે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની આજે મળેલી એક બેઠકમાં શહેરમાં રોડ બનાવવાની કોન્ટ્રાક્ટરની જવાબદારી ફિક્સ કરવા હવે રોડની કિનારીએ રોડ શરૂ થતો હોય ત્યાં પૂર્ણ થતો હોય ત્યાં રોડ બનાવનાર કોન્ટ્રાક્ટરના નામ સાથે લોકો વાંચી શકે તે પ્રમાણે તકતી મુકવાનું ફરજિયાત બનાવાયુ છે. આ પ્રકારના બોર્ડ મુકાયા બાદ જ તેના પહેલા રનિંગ બિલની ચુકવણી થશે. આ પ્રકારની પથ્થરની તકતી મુકવી પડશે જેથી લાંબો સમય ચાલે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેન જૈનિક વકિલ દ્વારા એક વીડિયો માધ્યમથી આ અંગેની વિગતો જાહેર કરવામાં આવી હતી અને જણાવાયું હતું કે આમ કરવાની રોડની ગુણવત્તા સુધરશે અને કોન્ટ્રાક્ટરની ડિફેક્ટ લાયાબિલીટીની જવાબદારી નક્કી થઇ શકશે. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે આ પ્રકારે તકતી મુકાતા તેની પર કોન્ટ્રાક્ટરે (1) રોડની વિગત, ઝોનની માહિતી, કામગીરી પૂર્ણ કરવાની તારીખ (2) ગેરન્ટી-ડિફેક્ટ લાયેબિલીટીની મુદત (3) કોન્ટ્રાક્ટરનું નામ (4) કોન્ટ્રાક્ટરનો ફોન નંબર (5) AMC નો ટોલ ફ્રી નંબર સહિતની વિગત સામાન્ય નાગરિકોને પણ જોવા મળસે. નોંધનીય છે કે ચોમાસાની મોસમમાં શહેરમાં અંદાજે 5,005 ખાડા નોંધાયા હતા. તંત્ર દ્વારા લગભગ 4,992 થીગડાં મારવામાં આવ્યા છે. અનેક વિસ્તારોમાં મુખ્ય માર્ગોની સાથે આંતરિક સોસાયટીઓના માર્ગો પર ખરાબ સ્થિતિ છે. ખાડાઓના લીધે વાહન અકસ્માત અને કમરના દર્દોનું જોખમ વધી ગયું છે.

## વિક્ટોરિયા ગાર્ડન પાસે ટ્રાફિક ચેકિંગ દરમિયાન બબાલ

# બંધ સિગ્નલે રિક્ષા રોકતા TRB જવાન પર હુમલો: કાચ તૂટતાં ચાલકે ફડાકા માર્યા





અમદાવાદ

અમદાવાદના વિક્ટોરિયા ગાર્ડન પાસે બંધ સિગ્નલે પૂરઝડપે નીકળતી રિક્ષાને TRB જવાને રોકવાનો પ્રસાય કરતા કાચ તૂટી જતાં ચાલકે TRB જવાનને માર મારી પોલીસકર્મીને ધક્કો મારી નીચે પાડી દીધો હતો. રિક્ષાચાલકે રોડ વચ્ચે બોલાચાલી કરી હુમલો કરતાં પોલીસે તેની સામે સરકારી કામમાં અડચણરૂપ બનવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે.

ઈ-ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા TRB જવાન રાહુલ પટણી સોમવારે બપોરે વિક્ટોરિયા ગાર્ડન પાસે ટ્રાફિક કામગીરીમાં હતા. આ દરમિયાન રાયખડ ચાર રસ્તા તરફથી બંધ સિગ્નલે આવેલી એક પૂરઝડપ રિક્ષાને રોકવાનો પ્રયાસ કરાતાં તે TRB જવાનના હાથ સાથે અથડાઈ હતી અને રિક્ષાનો કાચ તૂટી ગયો હતો.

રિક્ષા કાચ તૂટતાં ઉશ્કેરાયેલા ચાલકે રોડ પર જઈ TRB જવાન સાથે ગાળાગાળી કરી મારપીટ શરૂ કરી હતી. વચ્ચે પડેલા મનોજભાઈ નામના પોલીસકર્મીને પણ તેણે ધક્કો મારી નીચે પાડી દીધા હતા, જેમાં તેને પગમાં ઈજા થતાં લંગડાતા ચાલતા હતાં. બનાવ બાદ અન્ય પોલીસકર્મીઓએ ચાલકની અટકાયત કરી હતી, જેની ઓળખ બહેરામપુરાના જીગર સોલંકી તરીકે થઈ છે. ઈ-ટ્રાફિક પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## RSS-સરકાર વચ્ચે બે દિવસની બેઠક

# આર્થિક-આરોગ્ય મુદ્દે મંત્રીઓ સાથે મંથન, આવતીકાલે સુરક્ષા મુદ્દે હર્ષ સંઘવી જોડાશે

### મણિનગરના ડો. હેડગેવાર ભવનમાં સમૂહ ચર્ચા બેઠક; શિક્ષણ, સેવા, વૈચારિક સહિત 6 વિષયો પર ચર્ચા

અમદાવાદ

અમદાવાદના મણિનગર ખાતે આવેલા ડો. હેડગેવાર ભવનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને રાજ્ય સરકારના મંત્રીઓ વચ્ચે બે દિવસીય સમૂહ ચર્ચા બેઠકનો પ્રારંભ થયો છે. બેઠકના પ્રથમ દિવસે આર્થિક અને આરોગ્ય સહિતના વિવિધ મુદ્દાઓ પર સંઘના આગેવાનો તથા રાજ્ય સરકારના મંત્રીઓ વચ્ચે ચર્ચા અને મંથન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઉપરાંત મંત્રી જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, પ્રફુલ પાનસેરિયા અને ઈશ્વરસિંહ પટેલ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. સંઘની વિવિધ ભગિની સંસ્થાઓના હોદ્દેદારો પણ બેઠકમાં જોડાયા હતા. બે દિવસ દરમિયાન કુલ છ અલગ-અલગ વિષયો પર ચર્ચા થવાની છે. તેમાં આર્થિક, આરોગ્ય, શિક્ષણ, સેવા, વૈચારિક અને સુરક્ષા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.



સ્વદેશી જાગરણ મંચ, ભારત વિકાસ પરિષદ, ભારતીય કિસાન સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ સહિતની સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ચર્ચામાં હાજર રહ્યા છે.

આ બેઠકનો મુખ્ય હેતુ સંઘના કાર્યકરો અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચે સંવાદ વધારવાનો તેમજ સંગઠનના ઉદ્દેશ્યોને ગ્રાઉન્ડ લેવલ સુધી કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે વિચારવિમર્શ કરવાનો હોવાનું જણાવાયું છે. સંઘના પ્રાંત કાર્યવાહક શૈલેશ પટેલે જણાવ્યું હતું કે, આ પ્રકારની સમૂહ બેઠક દર વર્ષે યોજાય છે અને તેમાં કોઈ વિશેષ એજન્ડા હોતો નથી. વર્ષમાં બે વખત આવી બેઠકો યોજાય છે. પ્રથમ દિવસે આર્થિક અને આરોગ્ય વિષયના સમૂહની બેઠક યોજાઈ હતી, જ્યારે બપોર બાદ વૈચારિક અને શિક્ષણ સમૂહની બેઠક યોજાવાની છે. આવતીકાલે, 26 ઓગસ્ટે સુરક્ષા સમૂહની બેઠક યોજાશે, જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

# નરોડામાં બમ્પ કુદાવતા રિક્ષા પલટી, વૃદ્ધાનું મોત: બે બાળકો સહિત 4 ઈજાગ્રસ્ત

અમદાવાદ

અમદાવાદ શહેરના નરોડા GIDC ગેટ પાસે પૂરઝડપે બમ્પ કુદાવતા રિક્ષા પલટી ખાઈ જતા વૃદ્ધાનું મોત થયું અને બે બાળકો અને ચાલક સહિત 4 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે રિક્ષાચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.




મેઘાણીનગરમાં જુલિબેન યાદવ પરિવાર સાથે રહે છે. તેમના 64 વર્ષીય સાસુ શાંતિદેવી ઉત્તરપ્રદેશમાં રહે છે. 24 જૂનથી શાન્તિદેવી પુત્રના ઘરે રહેવા આવ્યા હતા. ગત 22 જુલાઈએ જુલિબેન સાસુ, બાળકો સાથે જેઠના ઘરે નરોડા ખાતે જવા રિક્ષામાં બેઠા હતા. રિક્ષાચાલક નરોડા GIDC ગેટ પાસે પહોંચ્યો તે સમયે રિક્ષાચાલકે પુરઝડપે બમ્પ કુદાવતા સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા રિક્ષા પલટી ખાઈ જતા ચાલક અને શાંતિદેવીને ગંભીર ઈજાઓ પોહચી હતી.

તેમજ જુલિબેન અને તેમના 13 અને 11 વર્ષના પુત્રને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જ્યારે ચાલક અને શાન્તિદેવીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં શાન્તિદેવીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે જુલિબેને રિક્ષાચાલક સામે જી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ગુજરાત યુનિ.ના ઈન્ચાર્જ કુલપતિ પર નકલી નોટનો વરસાદ...

# યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે કરોડોના કૌભાંડનો આરોપ, NSUIનો હલ્લાબોલ

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા પર કરોડો રૂપિયાના કૌભાંડનો આરોપ લાગ્યો છે. 40 કરોડની ગ્રાન્ટમાંથી 9.84 લાખ જર્મની સ્થિત પુત્રના ખાતામાં ટ્રાન્સફર થયાનો ઘટસ્ફોટ થયો છે. NSUI એ નકલી નોટો ઉડાવી 72 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. 10 ગેરકાયદેસર કર્મચારીઓને સસ્પેન્ડ કરી તપાસ કમિટી રચાઈ છે.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા પર સત્તાનો દુરુપયોગ કરીને યુનિવર્સિટીને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવાનો સનસનીખેજ આરોપ લાગ્યો છે. તેમનો કાર્યકાળ પૂરો થયા બાદ નાણાકીય ગેરરીતિઓ અને ગેરકાયદે નિમણૂકોના અનેક કિસ્સાઓ એકપછી એક પ્રકાશમાં આવી રહ્યા છે, જેને પગલે યુનિવર્સિટી કેમ્પસમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી અનુસાર, નીરજા ગુપ્તાએ કાર્યભાર સંભાળ્યા બાદ UGCના નિયમોની અવગણના કરીને પોતાના મળતિયા એવા 10 લોકોને ડિરેક્ટર જેવા ઉચ્ચ પદો પર



ગોઠવી દીધા હતા. આ લોકોને કુલપતિના પોતાના પગાર કરતા પણ વધુ મહેનતાણું વિદ્યાર્થીઓની ફીના નાણાંમાંથી ચૂકવવામાં આવતું હોવાનો દાવો પૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે કર્યો છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી બાબત પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત મળેલી 40 કરોડ રૂપિયાની ગ્રાન્ટના દુરુપયોગની છે. આ પ્રોજેક્ટમાં નીરજા ગુપ્તાએ પોતાને જ પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર નિમીને નિયમિત પગાર ઉપરાંત 4.20 લાખ રૂપિયાનું ભથ્થું મેળવી લીધું હતું. આ ઉપરાંત, ગ્રાન્ટ ખાતામાંથી 9.84 લાખ રૂપિયા તેમના જર્મની સ્થિત પુત્રના ખાતામાં ટ્રાન્સફર કરાયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. હાલમાં 40 કરોડ રૂપિયામાંથી 50 ટકાથી વધુ રકમનો કોઈ જ હિસાબ યુનિવર્સિટી પ્રશાસન પાસે ઉપલબ્ધ નથી.

આ નાણાકીય ઉચાપત સામે કોંગ્રેસ અને NSUI મેદાને પડ્યા છે. NSUIના આશરે 200 જેટલા કાર્યકર્તાઓએ યુનિવર્સિટીમાં ઘેરાવ કરી કુલપતિની ઓફિસમાં 'નીરજા ગુપ્તા હાય હાય'ના નારા સાથે ઈન્ચાર્જ કુલપતિ પર નકલી નોટોનો વરસાદ કર્યો હતો.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI